॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ, પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ

"મારે સમાજને બેઠો કરવો છે." - શ્રીમોટા



## શબ્દશક્તિનું અદ્‌ભુત પરિણામ

સૂક્ષ્મ શરીર જો આપણામાં કામ કરતું થઈ જાય તો આપણે સદ્‌ભાવનામાં પ્રગટી શકીએ. સૂક્ષ્મ શરીરનું બંધારણ જુદા પ્રકારનું હોય છે. આકાશ અને તેજ ; કોઈકમાં વાયુનું પ્રમાણ પણ હોય છે. ઊર્ધ્વ ભાવનાવાળાનું સૂક્ષ્મ શરીર આકાશ અને તેજતત્ત્વનું. એથી ઊતરતામાં વાયુ ઉમેરાય. પછી તો અનેક જાતનાં પરમિટેશન–કૉમ્બિનેશનથી સૂક્ષ્મ શરીરો બને છે. આકાશનું અનુસંધાન શબ્દ સાથે, આકાશનું પ્રાગટય શબ્દમાં અને તેજનું રૂપમાં, વાયુનું સ્પર્શમાં. હવે જો શબ્દનો અભ્યાસ ચાલ્યા કરે તો આપણું સૂક્ષ્મ શરીર મોખરે રહીને ભાગ ભજવે. મોટી પેઢી કરોડોની હોય. મુનીમ વગેરે કામ કરે. આફત આવે ત્યારે શેઠ આવે. સ્થૂળ શરીરમાં જો સૂક્ષ્મ શરીર મોટો ભાગ ભજવે તો ઘણું કામ થઈ જાય!

– 'મૌનમંદિરનું હરિદ્વાર' : પૃ.૧૦૪



પી.આર.એલ. અમદાવાદ સાયન્ટિસ્ટ એવોર્ડ કાર્યક્રમમાં શ્રી કિરણકુમાર, સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ, ન્યુ દિલ્હી અને એવોર્ડ વિજેતા ડૉ. નિલેશ મહેતા, ડૉ. નિશિમ કાનેકર, ડૉ. ડિબેન્દુ, ડૉ. ગીતા વિચારે સાથે હરિ : ૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી શ્રી સનતકુમાર પટેલ તથા શ્રી જીતેન્દ્રકુમાર અમીન



હરિઃ ૐ આશ્રમ, નડિયાદ.
પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ

દ્વિમાસિક-સામયિક

વર્ષ : ૧૨ મું જાન્યુઆરી-૨૦૧૭

*** ટ્રસ્ટી મંડળ ***

શ્રી ગૌત્તમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી સનતકુમાર વિષ્ણુકાન્ત પટેલ
શ્રી જીતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ

**નિઃશુલ્ક સામયિક**

**હરિઃ ૐ ગુંજ અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે ચેક અથવા મનીઓર્ડરથી કાર્યાલયને સરનામે મોકલવી.
(ઈન્કમટેક્ષ એકટની કલમ-૮૦ જી-(૫) ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ
પો. બો. નં. ૭૪, નડિઆદ,
પીન : ૩૮૭ ૦૦૧.
ફોન : ૭૮૭૮૦ ૪૬૨૮૮
૦૨૬૮-૩૨૪૬૨૮૮

## નિવેદન...

*સત્યમેવ જયતે નાનૃતમ્ ।*
*સત્યેન પંથા વિતતો નૃપાનઃ ॥*

જગતમાં સદા સત્યનો જય અને અસત્યનો પરાજય થાય છે. નિર્ભય અને નિષ્કામ વૃત્તિથી સત્યને અનુસરનાર વિશ્વમાં દેવતુલ્ય થઈ પૂજાય છે.

છળકપટ, પ્રપંચ, વિશ્વાસઘાત જેવાં ઘાતક શસ્રો ધારણ કરનારનો ક્યારેય જય થયો નથી. અસત્ય અને પ્રપંચીનું સામ્રાજ્ય ઝાઝો સમય ટકતું નથી, અંતમાં તેની અપકીર્તિ થાય છે.

નકારાત્મક વૃત્તિ, દ્વેષ, ઈર્ષા, શંકા, ભય, નિરાશા, ક્રોધ અને વિશ્વાસઘાતની જન્મદાતા છે. તમામ દુર્ગુણોના મહારોગનો રામબાણ ઈલાજ છે હકારાત્મક વૃત્તિ. સંસાર કર્મ પ્રધાન છે. વાવેલ કર્મરૂપી બીજ કદી નિષ્ફળ જતું નથી. વાવ્યા વિના કશું ઊગતું નથી. અમૂલ્ય માનવઅવતાર વ્યર્થ વેડફી દેશો નહીં મતભેદ ઊભા કરવાનહીં. સંગઠિત થઈને સહિયારા શ્રમ સંયમ અને પુરુષાર્થથી સ્વ અને સર્વનો વિકાસ થાયછે. 'સત્યમેવ જયતે' સૂત્રનું મહત્ત્વ સમજી જીવનમાં સ્થાન આપવું. માનવ દેહ શક્તિઓનો ભંડાર છે. આળસ પ્રમાદ ત્યજી સમયનો સદુપયોગ કરવા કમર કસી જાગ્રત થઈ, નિષ્કામ કર્મયોગી બની પરમાર્થની કેડી કંડારો.

**સતનો મારગ છે કાંટાળો, વિપદ પડે તું ડરતો ના,**
**વિશ્વની વાડી, પંખીમાળો સતને પગલે તું ડગતો ના.**

નવા વર્ષના મંગલ પ્રભાતે ગાંધીજીનાં અગિયાર જીવન મંત્ર સ્વીકારવાનો સંકલ્પ કરો.

**સત્ય અહિંસા ચોરી ન કરવી વણજો'તું ના સંઘરવું;**
**બ્રહ્મચર્યને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવું;**
**અભય સ્વદેશી સ્વાદ ત્યાગરે સર્વધર્મ સરખા ગણવા;**
**એ અગિયાર મહામંત્ર સમજી નમ્રપણે નિત આચરવા.**

હરિ : ૐ !

સંપાદક : ડૉ. ચંપક મોદી — મેનેજિંગ ટ્રસ્ટી,
તા. ૧૬-૧-૨૦૧૭ — હરિઃૐ આશ્રમ, નડિયાદ

# હરિઃૐ ગુંજ

**વર્ષ : ૧૨મું**

**જાન્યુઆરી-૨૦૧૭**

**✻ લેખન : સંકલન ✻**

ડૉ. ચંપકભાઈ ર. મોદી

નડિયાદ.

**✻ સંપાદન ✻**

ડૉ. ઉષાબેન ખેર

ડૉ. બેલા આર. શાહ

❖ પ્રતિ ૨ માસે તારીખ ૧૦ થી ૨૦ માં અંક પ્રગટ થાય છે.

❖ સરનામું બદલાયું હોય તો ગ્રાહકે નંબર સાથે તાત્કાલિક કાર્યાલયમાં લેખિત જાણ કરવી.


**✻ સાધક-લેખકોને નિમંત્રણ ✻**

શ્રી મોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃ ૐ ગુંજ' દ્વિમાસિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે કાર્યાલયમાં મોકલી આપવું.

**● લખાણ અંગે ●**

* શ્રી મોટાના સાહિત્ય વિષયક
* શ્રી મોટાના જીવન વિષયક
* પોતાના મૌન-સાધનાના અનુભવો
* કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સાહિત્ય મોકલવું.
* નડિઆદ આશ્રમ પ્રવૃત્તિ વિષયક
* યોગ્ય સમયે સામયિકમાં કૃતિને સ્થાન આપવામાં આવશે.
* લેખકના કે અન્ય સાહિત્યકારના વિચારો, શ્રી મોટાના અને લેખકના પોતાના અંગત વિચારો છે.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષે મંગલ પ્રાર્થના | - | ૩ |
| ૨. | પ્રેમ અને શાંતિનું પર્વ નાતાલ | - | ૪ |
| ૩. | ભગવદ્ભક્તિ અને અનુભૂતિ | - | ૫ |
| ૪. | કૃપામૃત | - | ૭ |
| ૫. | જીવનગીતા : કર્મ-ધર્મ-મર્મ ! | - | ૭ |
| ૬. | મૌનમંદિરના અનુભવાર્થી | - | ૮ |
| ૭. | સાધક એટલે શું ? | - | ૧૧ |
| ૮. | સાચો સાધક | - | ૧૨ |
| ૯. | ગુરુસ્મરણ સર્વ બોજો હળવો કરે | - | ૧૪ |
| ૧૦. | ઊર્મિ કેમ વ્યક્ત ન કરવી | - | ૧૫ |
| ૧૧. | હૃદયની પ્રાર્થના શક્તિ | - | ૨૦ |
| ૧૨. | સાધક અને સંસારીના પ્રેમભાવ | - | ૨૨ |
| ૧૩. | વધારે મહત્ત્વ તો .... | - | ૨૩ |
| ૧૪. | સાધકનું સંસારમાં વર્તન | - | ૨૫ |
| ૧૫. | નિરાશામાં ટકે તે સાધક | - | ૨૭ |
| ૧૬. | સદ્ગુરુનું લગાતાર સ્મરણ કરો | - | ૩૦ |
| ૧૭. | સાબદા બનો | - | ૩૩ |
| ૧૮. | ખુલ્લામાં રહી પ્રાર્થના કરો | - | ૩૫ |
| ૧૯. | સદ્ગુરુની ઝંખના | - | ૩૭ |
| ૨૦. | સાધના પહેલાં તો... | - | ૪૦ |

# નૂતન વર્ષે મંગલ પ્રાર્થના !!!

હે પ્રભુ !
અમે તમારાં બાળકો છીએ.
અમારે કંઈક કરવું છે.
પણ શું કરવું તે તું બતાવે છે.
અમારે ક્યાંક જવું છે.
પણ ક્યાં જવું તે તું બતાવે છે.
અમારે કંઈક થવું છે.
પણ શું થવું તે તું બતાવે છે.
અમારે તમારા દર્શન કરવા છે.
તે માટે તું દિવ્યદૃષ્ટિ આપે છે
અમારે તમને પામવા છે.
તમે અમને અમારી ક્ષતિઓ
દૂર કરી, તમને પામવા દિશા
બતાવી શક્તિ આપો છો.
અમારે તમારી પૂજા કરવી છે.
તમે જ અમને દરિદ્રનારાયણ -
દીનદલિતની સેવા કરવાનું
કહીને - એજ સાચી પૂજા
એમ સમજાવો છો.
તમે જ અમારા માતાપિતા
અને સદ્ગુરુ છો. તમને
કોટિ કોટિ પ્રણામ.

**ૐ સર્વે વૈ સુખિનઃસન્તું, સર્વે સન્તુ નિરામયા ।**
**સર્વે ભ્રદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્દુખમાપ્નુયાત્ ॥**

# પ્રેમ અને શાંતિનું પર્વ નાતાલ

વિશ્વ વંદનીય વિભૂતિ મહાત્મા ગાંધીજીએ કહ્યું હતુંઃ જો મારી પાસેથી ગીતા (શ્રીમદ્ ભગવત્) લઈ લેવામાં આવે અને મારી પાસે એકલા માત્ર ‘ઈસુ’નાં ગિરિપ્રવચનો હોય તો પણ મને તેમાંથી ગીતાનો સંદેશ મળી રહેશે એવી મને ખાત્રી છે.

ઈસુએ પોતે પ્રબોધેલા ગિરિપ્રવચનોમાં બોધ આપતાં કહ્યું હતું. તેમાં તેમણે વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ અને વિશ્વપ્રેમ દ્વારા વસુધૈવ કુટુંબકમની ભાવનાનું દર્શન કરાવ્યું હતું. પ્રેમ, ક્ષમા, શાંતિ, ભાતૃભાવનાના આચરણ દ્વારા મનુષ્ય મોક્ષાર્થી બની શકે છે, એવું સ્પષ્ટ દર્શન તેમનાં ગિરિ પ્રવચનોમાં મહદંશે થાય છે.

વિશ્વમાં વિક્રમ સંવત, હીજરી સંવત તથા અન્ય કેટલાક નવા વર્ષોનું પ્રવધાન છે છતાં ઈસુના સમયથી પ્રસ્થાપિત થયેલ ‘ઈસ્વિસન’ મુજબ સમગ્ર વિશ્વમાં વાર, તારીખ અને નૂતન વર્ષ વધુ પ્રચલિત છે એ તેની વિશિષ્ટતા છે. અંગ્રેજી વાર, માસ અને તારીખ સમગ્ર વિશ્વના વ્યવહારમાં સર્વ સ્વીકૃત છે. ઈસુ નાઝરીએ માત્ર બેથલહેમ કે નાસરેથ નગરજનો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના મનુષ્ય માત્ર માટે જન્મ ધારણ કર્યો હતો. એ વિરલ વિભૂતિની જન્મજયંતી એટલે નાતાલોત્સવ.

નાતાલની સાચી ઉજવણી એટલે વેરવૃત્તિમાંથી મુક્તિ, પાડોશી સાથે પ્રેમ, અપરાધીને ક્ષમા, પીડિતો દીનદલિતો પ્રત્યે કરુણા, સહાનુભૂતિ, સહકાર, આર્થિક સહાય અને જીવનમાં શાંતિનું પ્રદાન એ જ ઈસુના જન્મોત્સવની સાચી ઉજવણી. નાતાલોત્સવ રોશનીના ઝગમગાટ અને નાચગાનથી ઉજવાય તે ખોટું પ્રદર્શન અને હલકુ મનોરંજન. જો આપણો પ્રેમ-પ્રસન્નતા અને પરમાર્થના પવિત્ર સંદેશ દ્વારા વિશ્વમાં પ્રકાશ પ્રસરાવીએ તો સાચો ‘નાતાલોત્સવ’ ઉજવ્યો એમ ગણાય. સૌ સાધકજનોને નૂતન વર્ષની શુભકામના.

**- ડૉ. ચંપક ર. મોદી**

# ભગવદ્‌ભક્તિ અને અનુભૂતિ ।

જગતમાં ભગવદ્ ભક્તિ - પ્રાપ્તિ કોને નથી કરવી ? દરેક માણસ સંસાર વ્યવહારમાં રચ્યો પચ્યો પણ રહે છે અને સુખ પણ પામતો હોય છે. વ્યાપાર-વણજમાં પડે છે અને ધનદોલત પણ કમાય છે, અને તેથી આગળ જઈને સમાજ કલ્યાણનાં કાર્યો કરી જનસેવા દ્વારા જીવનમાં સંતોષ મેળવે છે, તેમ છતાં તેને તેથી તૃપ્તિ મળતી નથી અને હજીયે તેને કંઈક મેળવવાનું બાકી રહે છે એમ લાગ્યા કરે છે; અને આ માટે પ્રત્યેક વ્યક્તિ દેવદર્શન, સત્સંગ-સાધુ સમાગમ કરીને કે કથાકીર્તન-કથા શ્રવણ કરીને શાંતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

વર્ષોથી ચાલતી સંસારની આ રૂઢિગત પ્રણાલિકામાં જ માણસ એવો અટવાઈ જાય છે કે તેને જ તે ઈતિઅલમ માનીને અટકી જાય છે અને જગતમાંથી વિદાય લે છે. જીવન એટલું સરળ નથી. એમાં અનેક સંઘર્ષો-સંકટોનો સામનો કરવો પડે છે. તેમાંથી પાર ઉતરવા દરેક માણસને અથાગ પુરુષાર્થ અને શ્રમ કરવો પડતો હોય છે. સંસારવ્યવહારમાં કે વેપાર-વણજમાં પણ કોઈ વાર એવી વિષમ પરિસ્થિતિ આવે છે કે મનુષ્ય સાવધાન રહે તો ડૂબી જાય છે. સ્થૂળની પ્રાપ્તિ માટે પ્રત્યેક વ્યક્તિ કંઈક કરે તો જ તે પામે છે. તો પછી સૂક્ષ્મની પ્રાપ્તિ માટે એને કેટકેટલું કરવું પડતું હશે તેનો વિચાર પ્રત્યેક વ્યક્તિએ સ્વસ્થ રહીને શાંતિથી જ કરવો ઘટે. પૂ.શ્રીમોટાની જીવન સાધનાની અનુભવવાણીમાં સાધક-ભાવકને જીવન દર્શન થાય છે.

માનવ સમાજમાં સામાન્યતઃ એવી માન્યતા છે કે સામાન્ય મનુષ્ય જીવનમાં ઊંચે આવી શકે નહીં. તેમ છતાં ગાંધીજી એક સામાન્ય માણસમાંથી જ વિશ્વ વિભૂતિ દેવ કોટિ સુધી પહોંચ્યાનું દૃષ્ટાંત આપણી સમક્ષ છે. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' અમૂલ્ય ગ્રંથ છે. પૂ. શ્રીમોટાએ પણ તેમના જીવનની ઉન્નતિ આજ રીતે કરી છે. તેમની સાધના ભક્તિ અને સાહિત્યસર્જનની શક્તિ તેમના જીવનની અનુભૂતિ પ્રતીતિનો પ્રસાદ છે. તેઓ પોતે જીવનમાં મળેલી ગરીબી અને દુઃખને પણ પ્રભુનો પ્રસાદ માની સાનંદ-સપ્રેમ સ્વીકારી અને જીવનોન્નતિના માર્ગમાં પોતાની સાધનાના અનુભવોનો જ્ઞાનપૂર્વક સદુપયોગ કર્યો.

પૂ. શ્રીમોટાએ પોતે તેમની જીવંત ઉન્નતિ આજ પ્રકારે સાધેલી છે અને પોતે જે

રીતે ઉન્નત બન્યા તે રીતે સમાજને ઉન્નત બનાવવા અનેક લોકકલ્યાણનાં કાર્યો તેમણે હાથ ધર્યા હતા અને મૌન એકાંતમાં સાધના દ્વારા જીવનમાં સર્વને શાંતિ મળે તે માટે તેમના આશ્રમોમાં યોજના કરી છે તેનો લાભ ઘણા સાધક સ્વજનો આજેય લઈ રહ્યા છે એ તેમનું બહુ મોટું પ્રદાન છે.

પૂ.શ્રીમોટા કહે છે ; પ્રયોગ વિના સાચી વસ્તુ પરખી ન શકાય. શ્રીહરિ-કૃપાથી સાધના અભ્યાસના ગાળા માટે પ્રગટ થતી જતી ભાવનાને ચકાસવા માટે પ્રયોગો થતા અને એવી કસોટીઓમાંથી તે પરીક્ષામાંથી શ્રીહરિ-કૃપાથી પસાર થવાતાં, અને એવી ધન્યતાની પ્રસાદીનો મસ્ત આનંદ કેટલીય વાર અનુભવ્યો છે.

સ્મરણ, પ્રાર્થના, ભજન-કીર્તિન, આત્મનિવેદન, સમર્પણ, સન્મુખતા, સંત્સંગ, સત્કર્મ, આ બધું શ્રી હરિકૃપાથી થયા કરતું હતું. આશ્રમમાં હોઉં કે નિશાળના વર્ગોમાં હોઉં. ત્યારે કેટલીએ વાર ભાવાવસ્થામાં પ્રગટી જવાનું. જેમ જેમ સાધનાના વિષયમાં એકાગ્રતાને કેન્દ્રિતતા પ્રગટતાં ગયાં, તેમ તેમ બીજા ગૂઢ અને રહસ્યભર્યા સાધનોના અનુભવો પણ થયા. જે મારા ભજનોમાં વ્યક્ત થતાં ગયાં.

હરિની ન્યાત જાત જ ના,
હરિનો વર્ણ કોઈ જ ના;
હરિનો રંગ કોઈ જ ના,
હરિ નોખો બધાંથી છે.

●

વાચન, મનન, ચિંતન કરી;
પ્રભુનું નિત એક સ્મરણ કરો;
કરો સાધના આત્માતણી,
એવી રીતે જ જીવન તરો.

●

**ચરણ શરણે ઢળેલાનું કશું જોતો હરિ ના છે;**
**ન ગુણ અવગુણ જોતો તે, જુએ છે માત્ર ભક્તિને.**

**સંકલન : ડૉ. ચંપક મોદી**

## કૃપામૃત

કૃપા તારીથી લક્ષ્મી પણ, મને મળતી રહેલી છે;
રકમ મળતાં જ ઊછળતો હૃદય ઉત્સાહ જાગે છે.

ખરેખર તો રકમ ના છે, કૃપાનું માત્ર લક્ષણ છે;
કૃપાની શક્તિથી મુજને બધું મળતું જ લાગે છે.

પ્રવાહ મન તણો સઘળો, કૃપાથી સાવ બદલાયે;
કૃપા શું શું કરે ના તે ! કૃપાની શક્તિ અદ્‌ભુત છે.

ન વદવામાં શું નવગુણ છે ! કૃપાથી મૌન પાળીને;
- બધું જોયા કરેલું છે; કૃપામૃતનો જ મહિમા તે.

**પૃષ્ઠ : ૧૯૬ - (જીવનસૌરભ)**

## જીવનગીતા : કર્મ-ધર્મ-મર્મ !

ટૂંકમાં જીવને ધર્મ સર્વ તો પાળવા ઘટે;
એનો જોતું કરે ત્યાગ, વસમી વાત થાય તે.

જે ત્યાગ કરવાનો હું કહું છું તે બીજો જ છે;
જે વિષે કાંઈ સંદેહ મનમાં રાખ ના હવે.

સંકલ્પને વિકલ્પ એ, મનના ધર્મ જાણજો;
એ ધર્મ ત્યાગીને વાળ મારામાં મનને હવે.

ઈન્દ્રિયોનો જ છે ધર્મ બહિર્મુખી થવા પણો;
અંતર્મુખ રહે તેવું કર યત્ન કરી ઘણો.

સ્વભાવવાળી જે બુદ્ધિના નિર્ણયો ઘણા;
અડફટે લઈ જાય તેમને ત્યજવા બધા.

મનાદિ કરણો કેરા સૌ પ્રાકૃતિક ધર્મને;
પૂરેપૂરા ત્યજી દેને શરણે મુજ આવજે.

**(૧૮.૧૦૧ થી ૧૦૬) જીવનગીતા**

# મૌન - મંદિરના અનુભવાર્થી

**શ્રી હેમંતકુમાર નીલકંઠનો અનુભવ !**

'શ્રી મોટા જીવંત છે' : બ્રહ્મસૂત્રોમાં 'અપાન્તરાત્મા'ની કક્ષામાં આવતા મુક્તાત્માઓનો નિર્દેશ છે. જે સંતો તેમના શરીરના અવસાન પછી પણ તેમના ભક્તોના કલ્યાણ અર્થે ગમે ત્યારે, ગમે ત્યાં ને ગમે તે સ્વરૂપે હાજર રહે છે તેમને 'અપાન્તરાત્મા' કહેવામાં આવે છે. શ્રી મોટા પણ તે કક્ષામાં આવે છે. બીજી રીતે બીજા શબ્દોમાં તેઓશ્રી જીવંત છે.

વર્તમાન કાળમાં શિરડીવાળા સાંઈબાબા, અક્કલકોટના સ્વામી, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રીજી મહારાજ (સ્વામીનારાયણ ભગવાન) તદુપરાંત આદિ શંકરાચાર્ય ને બીજા અનેક 'અપાન્તરાત્મા' ગણાયા છે. શંકરાચાર્ય આજે પણ તેમના શિષ્યોને દર્શન આપે છે. વેદવ્યાસે એક બ્રાહ્મણના સ્વરૂપમાં કેટલાય દિવસો સુધી શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કર્યા બાદ ખુશ થઈને તેમના મૂળ સ્વરૂપનું દર્શન શંકરાચાર્યને કરાવ્યું હતું.

સ્વામી વિવેકાનંદે શ્રી અરવિંદોને અલીપોર જેલમાં અનુભવ કરાવ્યો હતો. સાંઈબાબાએ શ્રીમોટાને તેમની સાધનાના અંતિમ તબક્કામાં કેટલીય વખત દર્શન આપી માર્ગદર્શન કરાવ્યું હતું એ વાત તો સર્વ વિદિત છે. અને શ્રીમોટાએ દેહ ત્યાગ કર્યા પછી તેમના કેટલાંક 'સ્વજનો'ને તેમની જીવંત શક્તિના ચેતનાના પરચા કરાવ્યા છે.

શ્રી મોટાના સૌપ્રથમ ને વયોવૃદ્ધ ભક્ત શ્રી હેમતંકુમાર નીલકંઠ (હરિઃ ૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી) જણાવે છે કે ''રાત હજી હતી, પણ જાગી ગયો હતો. ઈન્દ્રિયોની બહિર્મુખ વૃત્તિઓ હજી શાંત પડી રહી હતી; એટલે જાગૃતિ બરાબર હતી, છતાં બહિર્મુખતા (મનાદિકરણોની) શરૂ થઈ ન હતી. એવા સમયે એકાએક અવાજ સંભળાયોઃ 'અનુગ્રહના માર્ગે તમે આગળ ચાલ્યા જાવ.' મનમાં શંકા ઊઠે તો તેનું નિરાકરણ પૂરેપૂરું થાય, એવી રીતની આ વાણી છે. એક તો જો કે અનુગ્રહ શબ્દથી હું અજાણ નહોતો, છતાં પણ મારો, એ ભાવ વિષે હંમેશાં વપરાતો એક જ શબ્દ છે : ''કૃપા''. અહીં વપરાયેલો શબ્દ 'અનુગ્રહ'છે ને એ શબ્દે જ મને સાબદો. સચેત કર્યો... તે ઉપરાંત અવાજની સ્મૃતિ ઊઠી; અવાજ સ્પષ્ટપણે એમનો જ લાગ્યો. પૂજ્ય શ્રી મોટા જ બોલ્યા છે - એમ ખાત્રી થઈ.''

બીજો પ્રસંગ : 'કેટલાક દિવસ પછી, પાછું ભર ઊંઘમાં 'હેમંતભાઈ'-એવી બૂમ સાંભળીને જાગી જવાયું. બીજા કોઈએ બોલાવ્યો ન હતો, તેની પણ ખાત્રી કરી હતી... આગળના થોડા જ દિવસ ઉપરના (ઉપરોક્ત) અનુભવના પરિણામે એક જ નિર્ણય પર આવ્યો કે પૂજ્ય શ્રીમોટાએ જ મને જગાડ્યો.'

# મૌનમંદિરમાં અગમ્ય અનુભવ !

સુરતના એક સ્વજન શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રી જેઓ સુરત મ્યુ. કૉર્પોરેશનના માજી મેયર અને રોટરી ક્લબના A Divisionના માજી ગવર્નર હતા. તેઓ અવાર નવાર મૌનમંદિરનો લાભ લેતા. ૧૯૮૧માં ફેબ્રુઆરીમાં તેમણે ૨૧ દિવસનું મૌન લીધેલું. તા. ૨૨-૨-૮૧ની તારીખનું તેમનું નિવેદન નીચે મુજબ છે :

''તા. ૨૧-૨-૮૧ને શનિવારની રાત્રે આઠના સુમારે હરિઃૐ નો જપ કરતાં અવાજ સાંભળ્યો. 'જો હું કોણ છું ?' અવાજ પૂજ્ય શ્રીમોટાના જેવો જ હતો. હું ઊભો થઈ ગયો. થોડી પળો માટે હું અવાક થઈ ગયો. ખૂબ સુંદર, ભવ્ય, અદ્‌ભુત સ્વરૂપ હતું. શરીરમાંથી આલ્હાદજનક, મનને મહેંકાવી મૂકે એવી સુગંધ આવતીહતી. ભાનમાં આવતાં પૂજ્યશ્રીને નીચા નમી પ્રણામ કર્યા.''

શ્રી વૈકુંઠભાઈ આ જ વર્ષના એપ્રિલમાં શ્રીમોટાનો રામનવમીનો મિલનસમારંભ યોજનાર હતા. (અને ઉજવેલો) તેના સંબંધમાં તેમણે પૂજ્યશ્રીને પૂછ્યું : ''આપ એ દિવસે ત્યાં હશો ને ?'' પૂજ્યશ્રીએ કહ્યું; ''પ્રભુનું અને મારું સ્મરણ કરી જેજે ઉત્સવો ઉજવાય છે ત્યાં મારી હાજરી હોય છે જ.''

પૂજ્યશ્રીના છેલ્લા શબ્દો : ''સર્વનું સર્વદા કલ્યાણ થજો.'' એટલું બોલીને તેઓશ્રી મંદિરના બારણા સુધી પહોંચ્યા અને ત્યાં જ અદૃશ્ય થઈ ગયા !''

# મૌનમંદિરમાં સદ્‌ગત બહેન !

ઈ.સ.૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળ દરમિયાન શ્રી નાનુભાઈ નિ. ભટ્ટ -અમદાવાદના તે સમય દરમિયાનના એક વિદ્યાર્થી સ્વંસેવક કેરાપટ્ટી ખાતે ત્રિચિનાપલ્લી પાસે શ્રી નંદુભાઈ શાહને ત્યાં ભૂગર્ભમાં ગુપ્તવાસી તરીકે ધરપકડથી બચવા રહેતા હતા.

એક દિવસ શ્રી હેમંતભાઈ નીલકંઠે તેમને સમાચાર આપ્યા કે ''તમારા મોટી બહેન ગુજરી ગયા.'' - એ સમાચાર સાંભળી નાનુભાઈના હૃદયને આઘાત લાગ્યો. તેમની આંખોમાં આંસુ ઉભરાયા. તેઓ અમદાવાદ જઈ શકે તેમ નહોતા. પત્રવ્યવહારના અભાવે તેમનાં બહેન વિષે તે કશું જાણી શકતા નહોતા. પૂજ્ય મોટાએ તેમને સાંત્વન આપ્યું. છતાં છેલ્લી ઘડીએ પોતાનાં બહેનને ન મળી શક્યા તેનું દુઃખ તે વિસરી શકતા નહોતા. પૂજ્ય શ્રીમોટાએ તેથી તેમને કહ્યું; ''તારે તારી બહેનને મળવું જ છે ને ? તો જરૂર મળી શકાશે ?'' કેવી રીતે મળી શકાશે ? '' નાનુભાઈ વિચારવા માંડ્યા.

૧૯૪૪માં મે-જૂન મહિનામાં પૂજ્યશ્રીએ નાનુભાઈને 'કુંભકોણમ્'માં એન. ગોપાલદાસની પેઢીના મકાનમાં એક અલગ ઓરડામાં મૌનમાં બેસવાનું કહ્યું અને તેઓ ભક્તિભાવે શ્રદ્ધાપૂર્વક શાંતિથી બેઠા. મૌનમાં થયેલા પોતાના અનુભવ વિષે જણાવતા તેઓ કહે છે;

'' પહેલાં જ દિવસે મોટાના ફોટા આગળ મારાં બહેન દેખાયાં. તે પછી સતત ત્રણ દિવસ સુધી રાતના તે મારી પાસે સદેહે આવ્યાં ને મારા ઘર છોડ્યા પછી જે જે બનાવો અને હકીકતો મારા ઘરે અમદાવાદમાં બનેલાં તે મને કહી સંભળાવ્યાં. આ ઘટનાની મારા પર એટલી તો જબરજસ્ત પકડ હતી કે ૧૯૪૬માં હું જ્યારે અમદાવાદ પાછો ગયો ત્યારે એ હકીકતો મેં ચકાસી જોઈ ને તે સાચી પડી.''

માટે પૂજ્યશ્રી કહે છે : ''જીવન અનંત છે; મૃત્યુ જેવો શબ્દ વાપરવો યોગ્ય નથી; જીવનનું પૂર્ણવિરામ ક્યારેય થતું નથી.

**૧. સાધક : વીણા એમ. શાહ. તા. ૨૯-૩-૧૫ થી ૪-૪-૧૫**

માંદગીની અવસ્થામાં શ્રદ્ધાભક્તિથી સાત દિવસ મૌનમાં બેઠાં. સેવકોની સેવા અને પ્રેમભાવથી પ્રભાવિત થયાં શ્રીમોટાના પવિત્ર પર્યાવરણમાં માનસિક શાંતિ અને શારીરિક સ્વસ્થતાની અનુભૂતિ થઈ. પ્રભુસ્મરણના પ્રભાવની પ્રતીતિ થઈ અને પ્રસન્નતા અને સ્વસ્થતાની અનુભૂતિ થઈ.

**૨. સાધક : ઈનાબહેન વી. ચોકસી તા. ૨૮-૪-૧૫ થી ૪-૪-૧૫**

બીજી વખત સાત દિવસના મૌનનો ખૂબ સુખદ અનુભવ થયો. પૂ.શ્રી મોટાની વાણી ખૂબ ગમી વધુ સ્પષ્ટ અને સંભળાય તો વધુ અસરકારક રહે તે માટે ઘટતું કરવા સૂચન કર્યું.

**૩. સાધક : સોમાભાઈ શિવાભાઈ પટેલ : સૈજપુર, અમદાવાદ તા. ૧૪-૪-૧૫ થી ૧૯-૪-૧૫**

મંગળવારે તા. ૧૪-૪-૧૫ના રોજ હું બે ત્રણ વખત જાગી ગયેલો. ઊંઘ આવતી નહોતી. અચાનક રાત્રે ૧:૦૦ વાગે પૂ.શ્રી મોટાનું સૂક્ષ્મ ચિત્ર મારી આગળ મોટી આકૃતિમાં પ્રગટ થયેલ. જો કે અચાનક આવું જોતાં જ હું ગભરાઈ ગયેલ. પાછળથી પૂ.શ્રીમોટાનો ફોટો જે પૂજન માટે મૂકેલ છે તે બંને ચિત્રની એકદમ સામ્યતા જોતાં મને અનુભવ થયેલ કે સર્વત્ર વિદ્યમાન પૂ. મોટા જ હોવા જોઈએ.

બીજે દિવસે સવારે પૂજાપાઠ કરી સૂર્યભેદન પ્રાણાયામ કરવાથી મને ગરમી લાગી ગયેલ, પરંતુ ગુરુદેવ ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી ધીમે ધીમે તે મટી ગયું.

મૌન દરમિયાન પૂજ્ય મોટાનું જીવન અને કાર્ય પુસ્તક મને ખૂબ ગમેલ. જીવન-પરિવર્તન પુસ્તક મને ઘણું ગમ્યું. ખૂબ અભ્યાસ કરવાની તક મળી. અજંપાનું મુખ્ય પાસું મેં મારા જીવનમાં વણી લીધું છે. ખરેખર આધ્યાત્મિક જીવન માટેની આ શ્રેષ્ઠ જગ્યા છે.

**૪. સાધક : નીતિન બાબુલાલ રામી - સમય તા. ૧૨-૪-૧૫ થી ૧૮-૪-૧૫**

આ વખતે મુખ્ય ભાગોમાં એ.જી. ભટ્ટ સાહેબ રચિત કાવ્યો-'પૂ.શ્રી મોટા ચરણે'નો ગૂઢાર્થ પ્રથમ વખત સમજાયો.

# સાધક એટલે શું ?

જ્યારે જ્યારે કોઈ પણ પ્રકારના વમળમાં ભરાઈ જઈએ, તેવી વેળા જો તેમાંથી ઊઠવાનું દિલ ન થાય, તો જાણવું કે ઊઠવા પણાની જાગૃતિ હજી આપણામાં પ્રગટી નથી; તેનો એમ પણ અર્થ થાય કે હજી જીવને જીવ પણામાં જ રાચવાનું દિલ છે. જો જીવને જીપ પણામાં રાચવાનું દિલ ન રહેતું હોય, ન એવા હુમલાઓ આવે, તો તે વેળા સહજ મેળે જીવ એનો વિરોધ કરવાનો જ. એવો જીવ તેવી વેળા વિરોધ કર્યા વિના રહી શકતો નથી. જે જે એવી નકારાત્મક વૃત્તિ, વલણ, વિચારો, લાગણીઓ, કામનાઓ, આશાઓ, ઈચ્છાઓ આદિ તથા ગમાઅણગમા, અમુક અમુક રીતની પડેલી સમજણની રીતે જ વિચારવાનું બને, અમુક અમુક પડેલી મડાગાંઠો, સમજણો, ટેવો તે તે બધું જે જે વેળા પ્રવર્તતું હોય, તે તે વેળા તેમનો જ્ઞાનપૂર્વકનો ઈન્કાર - ને તે પણ સતત કરે એવી જાગૃતિ જે જીવને પ્રગટે છે, તેવો જીવ સાધના કરે છે એમ પ્રમાણવું.

----

# સાધનાની ત્રણ શરતો

તે પ્રમાણે જે જીવથી નથી બની શકતું તેણે સાધનામય જીવનનો વિચાર જ માંડી વાળવો. કારણ કે સાધના કરનારને માટે જીવન કાજેની ધગધગતી પ્રગટેલી તમન્ના એ પહેલી અનિવાર્ય શરત છે. મૂળમાં જો તે જ ન હોય તો કશું જ ન બની શકે. આ હોય તો તે પછી પ્રકૃતિનાં અનેક પ્રકારનાં વલણો ઊગે, ઊઠે, તે તે પળે તેમનો જ્ઞાનપૂર્વક ઇન્કાર કર્યા કરવાનું જીવે રહે છે. ને ત્રીજી હકીકત જે તે બધું જીવે શ્રીભગવાનને ચરણકમળે પ્રેમભક્તિ જ્ઞાન પૂર્વક સમર્પણ કર્યા કરવાનું રહે છે. આ ત્રણ શરતો શરૂ શરૂમાં તો સાધક થવા ઇચ્છનાર જીવ કાજે ઘણી જરૂરની છે. આ હકીકત ભાર પૂર્વક તને જણાવવી ઘટે, કે જેથી પછીથી તું મને દોષ દઈ ન શકે.

----

# સાચો સાધક

જે જીવ સાચેસાચો ખરો સાધક છે, તે તો મુશ્કેલીઓ, વિઘ્નો આદિ જીવનમાં પ્રગટતાં વધારે સાબદો બને છે. આ જીવની જીવનની કથની લખતું તેમાં સાર પણ ન હોય. પણ મહાત્મા ગાંધીજીના જીવનને જુઓ ને વિચારો. એમણે પોતે એકલા હાથે કેટ કેટલી મુશ્કેલીઓ તથા વિઘ્નો આવતાં, કેટકેટલો પુરુષાર્થ કરેલો છે ! નિરાશાની પળો જેવું ઘણાંને લાગતું, તેમ છતાં તે તો સતત પોતાના ધ્યેયને પંથે વળગેલા રહ્યા હતા. એવું જ્યાં પ્રત્યક્ષ વરતાય, ત્યાં તેવો જીવ સાચો આરપાર પારદર્શક છે એમ ગણી શકાય. એવા જીવને આપણા જેવા પામર જીવો પામવાનું કે માપવાનું કરીએ તે જ આપણાં અજ્ઞાન ને મૂર્ખામી છે. એવાને જો ખરી રીતે હૃદયથી સમજવાનું ઈચ્છતાં હોઈએ, તો તે રીતે જીવને તેમ થઈ શકતું હોય છે.

સાધક તો તેનું જ નામ કે જે પોતાના જીવન-આદર્શની સામેની એની મીટ સદાય જ્વલંત રાખ્યાં કરે. એના આદર્શની વિરુદ્ધની ક્ષણોમાં તે કંઈ આંખો મીંચી દઈ શકતો નથી, તેવી ઊગતી નકારાત્મક દશાને હૃદયથી કદી પણ સંમતિ તે આપી શકતો નથી. તે જરૂર સમાધાન કરતો હોય છે, તે તો તેની દૃષ્ટિ, આદર્શને પહોંચી શકવાની દશાની ભૂમિકા ઉત્પાદન કરવા કે કરાવવા કાજે તેની તેવી જીવતી નેમ હૃદયમાં હોય છે. સાધકના દિલની ભાવના નરમ ઘેંસ જેવી ઢીલી પોચી કદી હોઈ શકતી નથી. તે તો સદાય પ્રજ્વલિત રહ્યાં કરે છે. જ્ઞાન મેળવવાને તે સદાય ઉદ્યત ને ઉત્સુક રહ્યાં કરતી હોય છે. સાધક ગમે તેવા વાવાઝોડાની સામે પર્વતની જેમ ટકીને ઊભો રહેવાને હૃદયની સર્વ શક્તિને પ્રભુકૃપાબળને પ્રાર્થના ભાવે નોતરતો નોતરતો જીવ્યાં કરતો રહે છે. સાધક નિરાશાને કદી વશ થતો હોતો નથી. એવી પળો એના જીવનમાં પ્રગટે છે ખરી, પણ તે પળો એટલે કે એના આદર્શને પણ ધૂળમાં મિલાવી દે એવી દશા, સંજોગો કે પરિસ્થિતિ આવે તો પણ ત્યાંયે તે પ્રભૃ કૃપાબળથી અણનમ ઊભો રહે છે. તે પોતાને કદી પણ એકલો, અટૂલો ને એકલવાયો માની જ શકતો નથી. પોતાની સાથે એના જીવનના આદર્શનું હૃદયબળ એટલું તો જીવતું જાગતું એનામાં હોય છે,

કે એના પ્રભુની કૃપાના સાથને તે પળવાર પણ હૃદયમાં હૃદયથી વીસરતો હોતો નથી. તેથી તેવો સાધક ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ પોતાના આદર્શથી હઠી શકતો નથી. સાધકનું કદીક પડવાનું થતાં છતાં, તેમાં ને તેમાં તે પડી રહી શકતો નથી, પડવામાં પણ એનું એકાગ્ર ને કેન્દ્રિત જ્ઞાનભાન તો ઊઠ્યા કરવામાં જ રહેલું પ્રચંડ પણે પ્રવર્તે છે. એવા લક્ષણવાળો સાધક તે જ ખરો સાચો સાધક છે. એના જીવનની ભાવનાની તેજસ્વિતાની માત્રા કશા સાથે સરખાવાય તેમ નથી.

ઝંઝાવાતો ને પ્રચંડ વાવાઝોડાની સામે થવાનુ બળ સાધક પોતાના અંતરમાંથી મેળવ્યાં કરતો હોય છે, કારણ કે એના આદર્શની ઉત્કટ ઝંખના એના હૃદયમાં કદી પણ ઝંખવાઈ ગયેલી રહેતી નથી. એ તો જેમાં તેમાંથી પોતાના માર્ગના ઉકેલની દશામાં જ જીવવાને હૃદયથી મથ્યાં કરતો રહે છે. જીવન-આદર્શની વિરોધી એવી સર્વ કોઈ પરિસ્થિતિને પોતે વધારે શક્તિમત્તા મેળવવાની સ્થિતિ સમજે છે; ત્યારે તે પ્રભુકૃપાબળને હૃદયથી નોતરતો નોતરતો વધારે સતેજ બને છે, આવી છે જીવતી સાધકની ભાવના. એવી ભાવનાનું પ્રચંડપણું જે જીવને રહી શકે તેવો જીવ જ સાધના કરી શકે છે. બાકીનાનું તો ગજું નથી. આબધી હકીકત કોઈને પણ નિરાશ કરવા કાજે નથી. પણ સાચી વસ્તુસ્થિતિનું જ્ઞાનભાન કરાવવા કાજે છે તે બધાં જ જાણશોજી.

----

**કુંભકોણમ્‌,** **હરિઃૐ** **તા. ૨૩-૪-૫૨**

આનંદે રહેજે. તને નિરાશ કરવા કે દિલગીર કરવા કશું લખ્યું નથી, પણ તને ભાન પ્રગટાવવા લખ્યું છે, તેની હૈયાથી કદર કરજે. એમ નિરાશ થયે ન પાલવે. અમને તો મરદની સોબત ખપે. માટે ગાંડપણ મૂકી દેજે, ને ડાહી થજે. તેવી વેળા સદ્‌ગુરુ જાણે છે જ નહિ એમ તું ધારે છે ને ? ખાલી ખાલી ‘મોટા’ ‘મોટા’ કહેવાનો કશો જ અર્થ નથી.

----

કુંભકોણમ, હરિઃૐ તા. ૨૩-૪-૫૨

# ગુરુસ્મરણ સર્વ બોજો હળવો કરે

આપણને ઘણું કામ કરવાનું આવે ને શરીરને તેવી ટેવ ન હોય, છતાં તે કરવાનું આવે તો તેથી શરીરને થાક લાગે, તેમ છતાં કામ કરવાનું દિલ કરીને જેમ જેમ કામ કરતા જઈએ છીએ, તેમ તેમ કામ વધારેને વધારે મળે છે. પણ કામ મળ્યાં કરે એ જ દશા ઉત્તમ. મહાત્મા ગાંધીજી કેટકેટલું કામ કરતા હતા ! કૃપા કરીને ભાંગી ન પડવું. મરદ બનીને જે તે કરવું. પણ કામ મળે છે, તેમાં જો મનને સ્મરણભાવનામાં પરોવી રાખવાનું જો બની શક્યું તો ભગવાન તેમાં મદદ કરતો હોય છે. 'ધી સૉંગ ઑફ બર્નાડિટ' નામની ફિલ્મ મેં જોયેલી. તે બાઈ ફ્રાન્સમાં સંત થઈ ગઈ. એને કેટકેટલું કામ મળતું ! છતાં થાકતી જ નહોતી. એને જે પગમાં દર્દ હતું, તે તો એવા પ્રકારનું હતું કે જેની વેદના સહન જ ન થઈ શકે. એમ જ્યારે ડૉક્ટરે એને તપાસી ત્યારે મઠનાં મુખ્ય જે બાઈ હતાં, તેમને તે હકીકત કહી. તે બાઈ સંતકોટિમાં આવી ગયા બાદ તેને સ્ત્રીઓના મઠમાં મૂકવામાં આવેલી. ત્યાં જે એની ક્રૂર મશ્કરી કરવામાં આવતી, એની જે અવહેલના ને તિરસ્કાર થતો, જે રીતે તે હડધૂત થતી હતી, તેમ છતાં તે બધો પ્રભુનો પ્રસાદ છે, એમ તે હૃદયમાં સ્વીકારતી. તેનું એક અંગ્રેજી પુસ્તક પણ છે, ને તે સાચી હકીકત છે. આપણે તો એવાં એવાં દૃષ્ટાંતોને આપણી નજર સમક્ષ રાખવાનાં હોય. કામથી ડરે તે સાધના શું કરી શકવાનો ? થોડાથી રિઝાવાનું બનતું નથી. એ તો જેમ જેમ જરાક ઠીક થતું જવાય, તેમ તેમ આગળની માત્રા પણ વધતી જ જવાની. અહીં તો જ્યાં ત્યાંથી મરવાપણું છે. જે મર્દાનગીથી મરે છે તે જ જીવે છે. કામ તો ઢગલો કરતાં હોઈએ પણ તેમાં જો હૃદયનો ઉમળકો ને કર્મનો હેતુ, એ બધું કર્મ કરતાં પળે પળે જો હૃદયમાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવતાં જાગતાં ન રહી શક્યાં; ને જે તે બધું તે તે પળે એને ચરણ કમળે સમર્પણ કર્યા કરવાની જાગૃતિ ન રહી શકી, તો તો ગમે તેવો જીવ કામના ભારથી લદાઈને તૂટી જ પડે. માટે કામને તો મનને સ્મરણભાવનામાં પરોવવામાં જ વાપર્યા કરવાનું છે. માટે મારી તને પ્રાર્થના છે કે આપણા જીવનમાં પ્રગટતા વિપરીત સંજોગોમાં પણ હૃદયને સદ્‌ગુરુના હૃદય સાથે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક મેળવીનેજો પ્રાર્થના કરતી રહેશે તો તો તને હૂંફ, સહાનુભૂતિ, પ્રેરણા, બળ મળતું પ્રભુકૃપાથી અનુભવી શકાશે. પણ તે બધું મારાથી થાય છે, તેવું કહેવાનો હેતુ તો મુદ્દલે નથી. આ જીવમાં તો કશું જ બળ્યું નથી. પણ જે જીવ પરત્વેની ભાવનાથી હૃદયમાં હૃદયથી પ્રેરાય છે, તેને તેવી તેવી ભાવનાનું મહત્ત્વ ઘણું ઘણું છે.

----

કુંભકોણમ, હરિઃૐ તા. ૨-૧૦-૫૧

## સાચા સાધકની વ્યાખ્યા

કામ કરવામાં ખૂબ ઉત્સાહને આનંદ પડે ત્યારે કામ પાકવા માંડ્યું ગણાય. તેવું કામ કરતાં કરતાં પ્રભુસ્મરણ ભાવના જીવતી રહે અને તે તે પળે થતું કર્મ પ્રભુને સમર્પણ કરાવાય, એવી ભાવના જીવતી રહે ને પ્રભુપ્રીત્યર્થે યજ્ઞકર્મ ભાવથી સકળ કર્મ કરે જવાય તો જ આપણે સાચા સાધક.

----

કુંભકોણમ, હરિઃૐ તા. ૯-૧૦-૫૧

## ઊર્મિ કેમ વ્યક્ત ન કરવી

પ્રભુકૃપાથી કોઈ કોઈ વેળા તારા પ્રત્યે હૃદયમાં ઊર્મિ પ્રગટે, પણ તે કાગળમાં વ્યક્ત કરવું યોગ્ય લાગતું નથી. ખાલી ખાલી ઊર્મિથી કશું વળતું નથી. ઊર્મિની ગતિમાંથી કર્મમાં ચેતન પ્રગટે તો તે ઊર્મિ ઉપયોગની. વળી આપણા કાગળો ખુલ્લી ચોપડી જેવા હોવા ઘટે. હૃદયમાં જે ભાવનાને એટલે કે એવી ભાવનાના શુદ્ધ સ્વરૂપને ભાષાના સ્વરૂપમાં મૂકતાં એને પૂરેપૂરા યથાર્થ સ્વરૂપમાં સર્વથી લેખાય કે કેમ તે પણ વિચારવા પણું રહે છે. 'પુનિત પ્રેમગાથા' જે લખવાનું બન્યું છે તે તો અંગત બની ચૂકેલાં સ્વજનો વિષે; એટલે ત્યાં ગેર સમજૂતિનો સવાલ ઊભો થતો ન હતો. ભાષાને હૃદયની રીતે વ્યક્ત કરવા જતાં તને જરૂર આશ્વાસન તો મળે અને તને એક પ્રકારનું ઘણું સારું પણ લાગે અને તારું મન પ્રફુલ્લ બને, પરંતુ તે બધું એક થોડા કાળ પૂરતું તેવું બને. એક પ્રકારનો તે ઊભરો પણ ગણાય. એવા શબ્દથી મન-હૃદયને કેટલીક વાર પ્રેરણા પણ મળે છે તે સાચું છે. પરંતુ એક તો તારા કુટુંબમાં આ જીવ પૂરેપૂરો પરિચિત નથી. વળી તું એક સ્ત્રીજાતિ છે ને પાછી વિધવા છે, જો કે અમારે મન આમાંનું કશું નથી. તેમ છતાં તારી પરિસ્થિતિ નોખી છે. તારે તો સાવચેતી પૂર્વક અને તેવી ભાવનાથી જીવનમાં જ્ઞાનપૂર્વક વર્તવાનું છે.

# 'અમંગળ' પ્રસંગ મંગળ કેમ બને

આપણા સમાજમાં વિધવાનું જીવન એ એક પ્રકારે જોતાં ઘણું કારમું છે. તેમ છતા જો જીવનની સામે ઉત્કટ મહત્ત્વાકાંક્ષીથી ભર્યું ધ્યેય હોય અને એ ધ્યેયને પહોંચવાને માટેની કંઈક પ્રકારે તાલાવેલી હૃદયની લાગી હોય તો વિધવાનું જીવન ઉત્તમ પ્રકારે ભાવનાથી વહ્યું જઈ શકે. પ્રત્યેક પ્રસંગ આશીર્વાદરૂપ પણ થઈ શકે.

# સમર્પણ યજ્ઞ આનંદ પ્રગટાવે

શરીર પડી ભાંગશે એવો ભય પણ આપણે રાખવાની જરૂર ન હોય. શું આપણો ભગવાન મરી પરવાર્યો છે. જો આપણે જે તે મળેલાં કર્મોમાં એની જ સ્મરણભાવના જીવતી રાખી રાખીને તે તે કર્મ એને જ રાજી રાખવાનેકર્યાં કરતાં હોઈશું, તો કશો પણ ભાર દિલને લાગી શકવાનો નથી. બલ્કે જો કર્મમાં એની સ્મરણભાવના જીવતી રહી શકે, તો મનહૃદય હળવાં ફૂલ જેવાં લાગવાના છે. પ્રભુકૃપાથી કર્મને કરવાની કળા ને ભાવના અનુભવ વડે કૃપાથી એણે જ શિખવાડી છે, તે તને ખુલ્લા હૃદયથી સમજાવું છું. સમજીને તે પ્રમાણ વર્તે તો જ તારા જીવનની સાર્થકતા છે.

# સદ્‌ગુરુનાં આભૂષણ

તું કશાથી લેવાઈ જાય કે અંજાઈ જાય કે કશામાં ભેરવાઈ પડે કે કશાથી ચલાયમાન થઈ જાય કે કશાથી ભયભીત બની જાય કે કશાથી ડોલાયમાન બની જાય તો તે બધી મારી શરમ ગણાશે ને મારું જ પતન ગણાશે. તારી ટટારી તે તો મારા જીવનની ખુમારી છે. તારા જેવાનું અણનમ (પણ નિરાભિમાનપણાવાળું) માથું એ તો મન ગૌરવ ઉત્પન્ન કરે તેવું છે. હૃદયના ઉમળકાંથી ત્યાગ, બલિદાન ને સમર્પણની ભાવનાથી હૃદયના સદ્‌ભાવ, સત્કારને સ્વીકાર યોગ્ય ભાવનો સહેવાપણાંનો મંડાયેલો યજ્ઞ એ તો એને બિરાજવાની સુંદર રાજગાદી છે. સર્વ જીવાત્મા પરત્વેની હૃદયની ઉદારતા, માનસિક વિશાળતા, સર્વમાં સમભાવ, ને સર્વને પ્રભુનાં સ્વરૂપ ગણીને સર્વને સરખાં ગણીને તે જ ભાવે નિહાળવાની અંતર્દષ્ટિએ તો મારા હૈયાનો હાર છે. તારાં જેવા એવાં એવાં આભૂષણોથી શ્રીપ્રભુ કૃપા બલ મદદ વડે આ જીવને શણગારતાં રહે તો હું પણ કેવો શોભું!

# સાધકની એક જ દૃષ્ટિ સૃષ્ટિ

જો કે શ્રી ભગવાન વિના તારે કે મારે તો ક્યાંયે શોભવપણું છે જ નહિ. આપણે તો જેથી તેથી કરી એને જ શોભાવવાનો રહેલો છે. વ્હાલાના ભાવ સિવાયની બીજી દૃષ્ટિ-સૃષ્ટિ આપણે કાજે તો અજીઠું અન્ન છે. સંસાર, એ તો જીવનને તવાવી તવાવીને શુધ્ધ થવા કાજેનો પરમ યજ્ઞ છે. એમાં ભાવના તવાવાપણાંની આપણે રાખવાની ન હોય. પણ તેનાંથી કરી શુધ્ધ થયાં કરીએ છીએ, એવા શુધ્ધ થવાપણાનું જો કોઈ જીવને જ્ઞાન ભાન જાગે, તો એ એવો જીવ તેથી કરી કેટકેટલી કૃતકૃત્યતા અનુભવી શકતો હોય!

# સદ્‌ગુરુ ક્યારે ધન્ય થાય

તને જીવદશામાંથી મરી જતી જોવાને હૃદયથી તો ઝંખતો હોઉં છું. ચેતનાપણામાં આત્માના ઓજસમાં તરતી જોવાને સદાય હૃદયમાં શ્રી પ્રભુ કૃપાથી ઉત્સુકતા સેવી રહેલો છું. માટે સદાય શ્રી પ્રભુને રાજી રાખવાપણાની ભાવનાથી ને પોતે શુધ્ધ થયાં કરવાની હૃદયની નેમથી જે જે મળે તે સ્વીકારીને યજ્ઞ ભાવનાથી તે તે કર્યાં કરવાનું છે તે જાણજે. જગતમાં જો જીવવું હોય તો મરદ થઈને જીવવાનું હોય. બાકીના જીવો તો ક્ષણેક્ષણે નામર્દના મોતે મરતાં હોય છે. તારા જેવાના જીવનવર્તનથી ધન્ય થઈને જીવવાને સદાય ઉત્સુકતા સેવું છું.

# અધકચરા જીવનો મરો

આ સંસાર જીવન વિકાસ કાજેની સાધના માટેની કર્મ યજ્ઞભૂમિકા છે. સાધકના દિલમાં સાધના કરવા કાજેની જીવતી જાગતી પ્રચંડ ભાવના હૃદયમાં પ્રજ્જવળતી જો ન રહી શકી તો સંસારના ચક્કરમાં આપણે ક્યાંયે અટવાઈ જવાનાં ને સંસારથી આપણે કચડાઈ જવાનાં. ને જે અધકચરાં ને અધવચલાં રહે છે, તે તો ક્યાંયનાં રહી શકતાં નથી. જગતમાં તો એવા જીવોની હાંસી જ થવાની. જગતને જાણ્યે અજાણ્યે એવા જીવોને કચરવાની એક પ્રકારની મઝા પણ પડે છે. એવા અધકચરા ને અધવચલા જીવો સંસારના કારમા, હિંસકને નિર્દય આક્રમણથી વધારે ને વધારે દબાતા જાય છે. નિરાશાના વમળમાંથી ગૂંચવાઈ જઈને તેમાં તે ડૂબી મરતાં હોય છે.

# શી રીતે મક્કમ સ્થિર રહેવાય

તેથી તો સાધકે હંમેશા પોતાની શ્રધ્ધાનાં અપાર પરમ બળથી ઝઝૂમવાની જ્ઞાનપૂર્વકની તૈયારી સેવવાની રહે છે. પોતે એકલો છે, છતાં તે અટૂલો નથી, નોધારો નથી- જો તેણે શ્રદ્ધાના મૂળમાં ને શ્રદ્ધાના વિષયમાં પોતાનું હૃદય પરોવી દીધેલું હશે તો, જેના વડે કરીને જેનો જીવનદીય પ્રગટેલો હોય એમ તે માને છે, તેની પ્રેરણા-મદદ મેળવવાની કળા હૃદયમાં હૃદયથી પ્રાર્થના કરી કરીને મેળવ્યાં કરીને પોતે જીવનમાં સંસારની અટવીમાં એકલો હોવા છતાં ખુમારીને સ્થિરતાં અનુભવી શકે છે. એવા જીવો તો પોતાના હૃદયની પ્રત્યક્ષ ભાવનાથી જીવતા જાગતા રહીને પોતાના કર્મના યજ્ઞમાં મસ્ત રહ્યા કરે છે. સંસાર એવાંને અવગણવામાં કશું બાકી રાખવાનો નથી. ચારે તરફથી જાણે કે દાવાનળ પ્રગટ્યો હોય એવું પણ બને. પરંતુ જે જીવ શ્રી પ્રભુ કૃપાબળની મદદથી પોતાના હૃદયની શ્રધ્ધાના બળ પર ઝઝૂમે છે ને જે જીવ કોઈને પણ અવગણવાનું કે કોઈનાય પર ઓછું કે માઠું લગાડવાનું સમજતો નથી, એ કોઈનાથી લેવાઈ જવાનો છે? એ તો એના જીવનની કસોટીને પરીક્ષા થઈ રહેલી છે. ને તે પણ જીવનનાં ઘડતર કાજેના તે તે બધા કૃપા પ્રસંગો છે, એમ હૃદયમાં સમજીને જ સ્મરવામાં ગુલતાન રહ્યાં કરવામાં ભાવથી એકાગ્ર ને કેન્દ્રિત રહ્યાં કરશે.

## ભગવાન ક્યારે સાધના હાથમાં લે છે

એવી જીવતી જાગતી જ્ઞાનભક્તિ પૂર્વકની ભાવના જે જીવને જે તે થયાં જતાં સકળ કર્મમાં રહ્યાં જ કરે છે, તે જીવને કર્મથી ગભરાટ જાગવાનો સંભવ જ ક્યાંથી રહી શકે? અથવા તો તેને કર્મથી આવરાઈ જવાનો સંભવ પણ કેમ કરી રહી શકે? કર્મ તો એના દિલમાં જીવતો યજ્ઞપુરૂષ છે. આવા જીવનની સાધનાનો માર્ગ તો પરાક્રમીનો ને ખાંડાની ધાર પર ચાલવાનો છે. જે જીવ એને જેટલી શ્રધ્ધાપૂર્વક ભક્તિપૂર્વક, જ્ઞાનપૂર્વક હૃદયથી વળગે છે, તેટલા પ્રમાણમાં સાધનાનો ભાવ તેવા સાધકમાં છતો થતો રહે છે. જ્યારે સમગ્રપણે, એકાગ્રપણે, કેન્દ્રિતપણે પોતાના શ્રી પ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વ ભાવે એકેએક કરણથી તે શરણાગતિને પામે છે તેવી વેળા શ્રીભગવાન પોતે જ એને સંભાળી લે છે. એવી જીવનની પળોમાં તે આપણો જીવતો જાગતો પ્રત્યક્ષ સાથીદાર રહ્યા કરતો હૃદયમાં હૃદયથી આપણે અનુભવી શકતાં હોઈએ છીએ. આપણા માર્ગમાં જે જે કંઈ આડુંઅવળું પડ્યું પાથર્યું આવી પડેલું હોય કે આવતું હોય, તે તે બધામાંથી આપણો માર્ગ તે ઝટ મોકળો કરી આપે છે.

# આપણી પ્રકૃતિ જ કસોટી કરે

એટલે સાધકે કસોટી કે પરીક્ષાના પ્રસંગોમાં શ્રી ભગવાનને ભરોસે ટકી રહેવાનું હોય છે. ત્યાં જરા પણ ડગી ન જવાય કે હચમચી ન જવાય. એ તો આપણો પરીક્ષાનો કાળ ગણાય. એવી અમૂલ્ય પળોમાં ખમીરને પ્રગટાવવાનો ને આપણાં હૃદયમાંના પ્રભુને છતો કરવાનો તે અમૂલ્ય અવસર છે. આપણાંમાંની પ્રકૃતિ તે કંઈ માત્ર આપણા એકલામાં જ રહેલી છે અવું કશું નથી. તે તો બધાંનામાં પણ પડેલી છે.જ્યાં ત્યાંથી તે આપણને પોતાની પકડમાં ને રમતમાં રખાવ્યા કરવાને કારણે અનેક હલ્લાઓ મચાવવાની જ . અનેક મુસીબતો, મુશ્કેલીઓ ઊભી કરવાની જ. તે પ્રકૃતિની બધી ચાલબાજી તો જીવનના ધ્યેય વિશેની જીવતી જાગતી થતી જતી ભાવનાને છિન્ન ભિન્ન કરી નાંખવા કાજેની હોય છે, તેવો તે પ્રયત્ન કરતી રહેતી પણ હોય છે.

# જાગૃતિ ક્યાં રાખવી

તેનાં નિમિત્તે બને છે બિચારાં આપણાં સ્વજનો. ત્યાં એમના પર તે મનમાં શું લાવવાનું હોય? એટલે એવી વેળાએ તો તેમાં તેમાં આપણે આપણી પોતાની પ્રકૃતિના દર્શન કરી આપણાં જીવન ધ્યેયની ભાવના વધારે જાગૃત ને તેજસ્વી રહી શકે તે કાજે વધારેમાં વધારે સાવધને પૂરાં દક્ષ રહીને જાગૃતિ સેવવાની રહે છે તે જાણજે. આવી કસોટીનાં કાળે જે જીવ દબાઈ જાય છે તે હંમેશને માટે જીવતો છતાં મરી જતો હોય છે. પણ તે પ્રત્યક્ષપણે નહિ, પણ સંસારી અર્થમાં મરી જતો હોય છે. તેવી વેળા જે જીવ હૃદયમાં હૃદયથી અડગ રહી પોતાની જીવદશાનો પ્રતિકાર કરે છે, ઈનકાર કરે છે, તે જીવ જીતે છે. એવી રીતે ચેતન એના જીવનમાં જીત પામે છે. અંતે એવો જ આત્મા સકળ જગતને ઉર્ધ્વ સંદેશ આપી શકે છે. માટે આપણે તો સંસાર-વ્યવહારમાં આપણા દૃષ્ટિ, વૃત્તિને વલણ સદાય પળે પળ આકાશમાં જ જીવતાં ચોટેલાં રાખ્યા કરીને વર્ત્યા કરવાનું છે.

**"તેરી ગઠડીમે લાગા ચોર, મુસાફિર જાગ જરાં"**

એ પ્રકારની રેકર્ડ અત્યારે વાગી રહેલી છે. એમ અનેક પ્રકારના ચોર અસુરો જીવનમાં દાવાનળ પ્રગટાવવા છતા થવાના છે. જો એની ચાલબાજીમાં આપણે સપડાઈ પડ્યાં ને ભેરવાઈ પડતાં તો થઈ ચૂક્યું આપણે દેવાળું કાઢીશું.

# હૃદયની પ્રાર્થનાની શક્તિ

સાધનાનો સનાતન માર્ગ તો સાંકડો છે, ઘણો ઘણો સાંકડો છે. શરૂ શરૂમાં તો ઘણાં ઘણાં ગાઢ અંધકારથી રૂંધાયેલો પણ રહ્યાં કરે છે. કંઈ જ સૂઝતું કરતું હોતું નથી. મુંઝાયેલાં મુંઝાયેલા રહ્યાં કરવું પડે છે. ચારે બાજુથી ભીંસ આવે છે. તેને કેમ પહોંચી વળવું એની સાધકને કશી ગતા ગમ તે વેળા જાગેલી હોતી નથી, પરંતુ જે સાધકની શ્રધ્ધા પોતાના જીવનનાં ધ્યેયમાં અપાર છે તેવો સાધક કંઈ માથે હાથ જોડી બેસી રહી શકતો નથી. તે તો પોતાના અંતરના પ્રભુની કૃપા મદદ માટે તે કાળે અપાર વેદનાથી, ફાટતા હૃદયથી પ્રાર્થના કર્યાં જ કરે છે. પ્રાર્થનાનું બળ તો જે જાણે છે તે જાણે છે. જેમ ઘરમાં આગ લાગી હોય ને પોતે તેમાં ભેરવાઈ પડ્યાં હોઈએ એમાંથી મુક્ત થવાને જીવ જે અકથ્ય તરફડિયાં મારે છે તે વેળા જે આર્તનાદ પુકારે છે, તેવાં જ આર્તભાવે જે સાધક પ્રાર્થના કર્યાં કરતો હોય એને પ્રત્યક્ષ મદદ મળ્યાં કરતી તે પોતે અનુભવે છે. તેવી મદદ મળવાના જે જીવને અનુભવ થાય છે તેવો જીવ તે પછીથી કદી પણ પોતાને એકલો, અટૂલો, એકલવાયો માની જ નથી શકતો તેથી કરી સંસાર વહેવારમાં કર્મ એ તો જીવન વિકાસ કાજેનું ઘડાવાનું સાધન છે, એમ સમજી સમજીને તે તે પળે હૃદયમાં તે જાતનું જ્ઞાનભાન રાખીને તેને યજ્ઞ જાણીને ને તે તે બધું હરિને ચરણે જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કર્યાં કરવાનું છે. એવી પળે જ્યાં ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ લાગે, અડચણ પડે, ત્યાં ત્યાં મસ્તક ટટાર કરવું, જીવનમાં ખુમારી પ્રગટાવવી ને કદી પણ નમી ન પડવું. વધારે પ્રકાશ-માન અને તેજસ્વી બનવું.

# સાચી દયા કઈ

‘દયા એ પ્રેમનું સ્થૂળ સ્વરૂપ છે’ એ વાત સાચી, પરંતુ ત્યાં પ્રેમના સાચા સ્વરૂપને આપણે સમજતાં નથી. દયા, પ્રેમ કે તેની સહાનુભૂતિને લીધે ઉચ્ચ આત્માઓ ઠેઠ હિમાલયના શિખરેથી નીચેમાં નીચી કક્ષાએ ઉતરે છે ને જુદા જુદા જીવો સાથે નરકની કક્ષામાં પણ પ્રવેશે છે, ને તેની યાતના પ્રેમપૂર્વક પણ સ્વીકારે છે; પરંતુ તે બધા તેવું કરે છે, તે તે ઠેકાણેથી તે જીવને ઊંચે લેવાને કાજે. જો આપણી દયા કે પ્રેમની ભાવના વડે કરીને બીજા જીવને ઊંચે લઈ આવી શકીએ, તો તો તે બધું સાર્થક છે, પણ આપણી દયામાં ને પ્રેમમાં એવું બળ હોત, તો તે પ્રેમને દયા વડે કરીને આપણે જ ઊંચે આવી શક્યાં હોત. હૃદયમાંથી ઊગેલા દયા ને

પ્રેમ જેના પરત્વે તે પ્રેરાય છે, તેનું તારતમ્ય પારખી લે છે ને તારી પેઠે ખોટી દયા તે ખાતો નથી. સંસારી કક્ષાના જીવોની દયા કે પ્રેમ તે દયા કે પ્રેમ નથી. એ તો જીવ પ્રકારની ખાલી ખાલી લોલુપતા છે. દયા વડે કરીને તો એટલે કરુણાભાવથી તો આપણે બીજા જીવની સાથે તાદાત્મ્યનો અનુભવ કરી શકીએ છીએ અને તેના દુઃખમાં ભાગ પણ લઈ શકીએ છીએ. તે જે ભોગવતું હોય તે આપણે પણ ભોગવતા હોઈએ છીએ. ને એમ કરીને તેની સાથે એકતાનો અનુભવ પણ કરતાં હોઈએ છીએ. કરુણા વડે કરીને જગત માત્રની સાથે તેવા દુઃખ માં સંત આત્માઓ ભાગ લેતાં હોય છે. એ દયા કે કરુણા આપણામાં હોય, એવું તો જરૂર ઈચ્છું. એટલે દયા હોવી એ સાધકનું પરમ લક્ષણ છે. બીજાનું દુઃખ જોઈને માત્ર વિચારોમાં જ પડ્યો ન રહે પણ તેના દુઃખ નિવારણના ઉપાયમાં લગાતાર મંડ્યો રહે ને દુઃખ દૂર ન થાય, ત્યાં સુધી જંપીને બેચી ન રહે ને ચેન ન પડે તો તે દયા સાચી. આપણે એવું કરી શકવાની શક્તિમાં તો નથી.

## સંસારીની દયા બંનેને હાનિ કરે

એટલે આપણે સમજવું ઘટે કે આપણી દયા કે પ્રેમ આપણને જ ઊલટાં લુલાંપાંગળાં બનાવે છે ને આપણું બળ હરી લે છે. જે આપણે સાચું કર્મ કરવાનું છે, તેને પણ તે છોડાવે છે. એવી દયા તે તો પતનનું કારણ બને છે. સાચાં અર્થમાં દયા કે પ્રેમ ઉન્નતિનાં કારણરૂપ છે. એટલે... બહેન પરત્વેનાં દયાને પ્રેમ જો તને ઉન્નતિનાં માર્ગમાં પ્રવેશ કરાવે તેવા હોય, તો તે સામે મને વાંધો નથી.

## સાધકે સંત માટે જ પ્રેમ રાખવો

સંતાત્મા પરત્વેનો પ્રેમ આપણને અથડાતાં કુટાતાં પણ ઊંચે માર્ગે લઈ જનારો છે. અનકે પ્રકારની આપણા જીવની પ્રકૃતિમાં તે સૂક્ષ્મપણે પ્રવેશ કરી આપણને માર્ગદર્શન કરાવતો રહે છે ને તેવો અનુભવ થાય કે થયાં કરે તો તેના પરત્વે નો આપણો પ્રેમ જાગ્રત થતો જાય છે એમ સમજવું. સંતાત્મા પરત્વેનો પ્રેમ આપણને સલામત સ્થિતિમાં નહિ રહેવા દે તે નક્કી સમજવું.

કુંભકોણમ, હરિઃૐ તા. ૯-૪-૫૨

# સાધક અને સંસારીના પ્રેમભાવ

સંસાર વહેવારમાં પણ જ્યાં બે હૈયામાં પરસ્પરનો ઉત્કટ પ્રેમભાવ એકરાગવાળો જામેલ હોય છે, ત્યાં તેમના મન એકબીજા વિશે ભાવથી નીતરતાં બનેલ રહ્યાં કરે છે. એકબીજા વિશે સ્નિગ્ધતા, સરળતા, સહજતા, પ્રસન્નતા, આદિ પ્રગટ્યાં કરે છે. એકબીજાના વહેવાર વર્તનમાં આપણું મન આડુંતેડું થઈ જતું નથી. મન જેમાં ને તેમાં હૈયામાંના પ્રેમભાવથી એને પોતાની જાતમાં જ સમાયેલો અનુભવવાને જાણતું હોય છે. મન એનાથી કરી જુદી રીતે પડી નથી શકતું. જ્યાં એવો પ્રેમભાવ છે, ત્યાં જેણે જેમ કર્યું તેમ ભલે થયું. એમાં એવી રીતે મન સમાધાનની સરળ વૃત્તિ સેવતું બની જતું હોય છે. એટલે મનને ત્યાં કશા ઉધામા, સગડગ, વાંધાવચકા, શંકા કુશંકા, તર્ક વિતર્ક, એવું એવું ઊપજતું હોતું નથી. પરસ્પર એક થઈ, એક બની એક રહીને જ જીવવામાં તેઓ બંને પરમ આનંદ અનુભવી રહે છે. હૈયાના એવા પ્રેમભાવમાં ઉદારતા, વિશાળતા, પરસ્પરની સહિષ્ણુતા, સહાનુભૂતિ આદિ ગુણો પ્રગટેલા રહે છે. પરસ્પર એવા પ્રેમભાવવાળા બે જીવો બીજા જીવોની સાથેના વહેવાર વર્તનમાં તેમના પરસ્પરના વ્યવહાર વર્તનના જેવા ન પણ હોય, કદીક નથી પણ હોતાં, પરંતુ સાધકના હૃદયના પ્રેમભાવને તેવું થયે પાલવે તેવું હોતું નથી. સાધકના હૃદયનો પ્રેમભાવ તો સમગ્રતાને પોતાની બાથમાં લેતો હોય છે. એનાં પ્રેમભાવમાં ને સદ્ભાવમાં તેને કોઈ નોખું નોખું હોતું નથી. બધાંનામાં તે પોતાની જાતને અનુભવવાને ચહે છે ને પોતાનામાં બધાંને અનુભવવાને ચહે છે. એવો હૃદયનો પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વકનો નીતરતો સદ્ભાવ સાધક એના સદ્ગુરુ સાથે કેળવતો જતો હોય છે, ત્યારે સંસારના જીવોની સાથેના વર્તન વહેવારમાં સાધકના મનાદિ કરણના ખૂણાઓ પણ ઘસાઈને પાંસરા ગોળ બની જવાની ક્રિયા પણ આપોઆપ એનામાં ચાલી રહેલી હોય છે.

-----

## ગુરુપ્રેમમાંથી સર્વ માટે પ્રેમ

જેમ મુસાફરીમાં જવું હોય છે, તો તે વેળા શું શું જોઈશે. તેનો ખ્યાલ જાગીને તેની તેની તૈયારી કરીને, તે તેબધું ભેગું કરી તે બધું સાથે લઈ લેવામાં આવે છે, તેવી રીતે એકને લાયક બનવા કાજેનો જે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો જીવતો જાગતો હૈયાનો સકળ પ્રયત્ન બન્યા કરતાં હોય છે, તેમાં પણ ઉપરની પેઠે જ બન્યાં કરે છે. સદ્‌ગુરુની ભાવનાને લાયક થવું ને એની પસંદગીમાં આવવું એટલે જીવનના વિકાસની સમગ્રતામાં પણ પ્રગટતાં રહેવું. જગત વહેવારમાં પણ જેની પસંદગી મન કરે છે, તેને તે સ્વીકારતું હોય છે. પસંદગી થયા વિના કોઈ કોઈને સ્વીકારી શકતું નથી. પસંદગીની ભાવનામાં પોતાની તેના પરની પ્રસન્નતા પ્રગટેલી છે, તેવો પણ ભાવે રહેલો હોય છે.

## સાધનાથી દૂર કેમ મન ભાગે છે

જ્યારે સંસાર વહેવાર વર્તનવાળું એક બાજુનું જીવન ને બીજી બાજુનું જીવનવિકાસની ભાવના કેળવવા કાજેનું જીવન-એ બંને વચ્ચેની પસંદગી, એવી પ્રસન્નતાપૂર્વકની પસંદગી જીવનું મન જ્યારે જીવન વિકાસ પરત્વે કરે છે, તે વેળા પેલી બાજુનું તેનું જોર, મહત્વ વગેરે હઠી જતાં તે અનુભવી શકે છે. જેનામાં મન વળે છે, તેનાં તરફનું તે વિચારતું હોય છે. એને તે વીલું મૂકી શકતું નથી. એટલે જીવનની કઈ ગમની પસંદગી આપણે કરેલી છે, તેની જ કશી હજી પૂરી આપણને ગતાગમ નહિ પડે હોય એમ લાગે છે. જેને જેની ખૂબ પડી હોય છે તેનામાં પણ મન વળગેલું રહ્યાં કરે છે.

----

**કુંભકોણમ,** હરિઃૐ **તા. ૩-૪-૫૨**

## વધારે મહત્ત્વ તો જાપ, પ્રાર્થના આદિને આપો

જીવનવિકાસ જો આપણે કરવાનું ખરેખરું દિલ થયેલું હોય, તો સાધકે પોતાના ધ્યેયને માર્ગે વિકાસને રૂંધનારું જે જે કંઈ આવે તેનો ત્યાગ કરવાનું આત્મિક બળ પ્રગટાવવાનું રહે

છે. જે જે કંઈ માર્ગમાં વિકાસ પરત્વે આડખીલીરૂપ નીવડતું હોય, એનું સ્પષ્ટ દર્શન સાધકને થઈ જવું જોઈશે. ત્યાગ કરતાં રહેવાની જાગૃતિ તેણે સાધવાની રહે છે. આમ હવે છતાં તેણે એટલે સાધકે વધારે મહત્વ તો તે કાજેનાં કૃપા-બળ-મદદ મેળવવા કાજેની પ્રાર્થના, ભક્તિ, પ્રેમ ને સમર્પણ આદિની હૃદયમાંની તેવી તેવી સાધનાઓને આપવાનું રહે છે, જેમ પગમાં કાંટો વાગ્યો હોય છે, તેનું ભાન થતાં તેને કાઢવાના ઉપાયમાં માનવી વધારે મહત્વ આપ્યાં કરે છે તેમ. એવી જ રીતે નામ સ્મરણ ભાવના ધારણાપૂર્વક થયાં કરે તેના પર તેનું મહત્વ રહ્યાં કરવું જોઈએ. જેની મદદથી સાધકે ચઢવું છે, એના હૃદયમાં પોતાના હૃદયને એકમેળ, એકાગ્ર ને પૂરેપુરું કેન્દ્રિત ને તે પણ પ્રેમભક્તિ જ્ઞાનભાવે કરીને કરવાનું રહે છે. એની મદદ લીધાં કરવાની છે. કંઈ થતાં એનામાં મન-દિલ પરોવી દેવાનાં રહે છે.

## સાધકના દુઃખનું કારણ

માનવીને લાગે છે એનું કારણ હજી તેની દૃષ્ટિ, વૃત્તિને વલણ સામાન્ય જીવની કોટિના કરતાં જુદી રીતનું શીખી ગયેલ નથી. પોતે જીવન વિકાસ સાધવા નીકળેલો છે. એનું જ્ઞાન ભાન તે વેળા એને રહેલું હોતું નથી. એવું જ્ઞાન ભાન હોવું સાધકને કાજે ઘણું જરૂરનું છે. જો તેમ થતું નહીં રહે તો સાધક સંસાર વહેવારના વલણમાં ડૂબી મરવાનો, તણાઈ જવાનો ને તેમાં દુઃખી દુઃખી થઈ અટવાઈ મરવાનો.

-----

**કુંભકોણમ, હરિઃૐ તા. ૫-૭-૫૧**

## નિર્બળ દયા ન રાખવી

...બહેન અંગેની તારા મનમાં થયેલી બધી હકીકત તેં સ્પષ્ટ લખી છે તે તો ઘણું ઉત્તમ કર્યું છે; પરંતુ સીધીસાદી એક વાત તે બાબતમાં એમ છે કે આપણને ઘણી દયા અને લાગણી હોય, પરંતુ તેથી જો આપણે તેની સ્થિતિ સુધારી ન શકીએ તેમ હોઈએ ને તેના પરત્વેની લાગણી ને દયાના કારણે આપણા મનની ને તનની સ્થિતિ બગડ્યાં જતી હોય, તો તેમાં કોઈનોય શુક્કરવાર વળતો નથી. આપણી કે બીજાની લાગણી પંપાળવામાં સાર નથી. એવી દયા કે લાગણીમાં તણાયાં કરવાથી મનની શક્તિ ઘટે છે ને નકામાં વિચારના ગોટાળે ચઢી જવાય છે.

# દુષ્ટ જીવો પણ સાચા પ્રેમથી જિતાય

આ દીવા જેવી હકીકત આપણને એકદમ સૂઝી જવી ઘટે. તેના સ્વજનનોને તેની પ્રકૃતિના સ્વભાવનો અનંતગણો દોષ હોય. તેમ છતાં માનવતા તો તેમાં રહેલી છે કે તેના કરતાં આપણે સવાયા ઉત્તમ થવું. મારી સાથેના પરિચયમાં આવેલા એક ભાઈ છે, તે બધી વાતે પૂરા થયેલા હતા; તેમ છતાં તેની પત્નીએ ઉત્તમ રીતે નિભાવ્યાં કર્યું અને આજે પ્રભુકૃપાથી ઠીક ઠીક મેળમાં તેઓ બંને આવતાં જાય છે. તે મારા નક્કર અનુભવની વાત છે. અનેક પ્રકારના દુષ્ટ અને ક્લિષ્ટ પ્રકારના પુરુષોને તેમની પત્નીઓએ પોતાના હૃદયના પ્રેમ વડે જીતી લીધેલા છે, એવા અનેક દાખલા આજે પણ સંસારમાં મળી આવે તેમ છે.

# સાધક તો પોતાનો જ વાંક કાઢે

દોષનો ટોપલો બીજાંની ઉપર ઢોળવા કરતાં જે જીવ પોતાના જ દોષને વધુને વધુ જુએ છે ને તેને નિવારવાનું કરે છે, તે જ જીવ કંઈક સાર્થકતાવાળો છે... બહેનનો તારા ઉપર ઘણો ભાવ છે, તે તો ઘણું ઉત્તમ. એ ભાવના સાધન વડે કરીને તો એને તું ધારે તો ઊંચી લાવી શકે. બીજાંના દોષોને લીધે ને સ્વભાવને લીધે આપણે અત્યંત દુઃખી છીએ કે થયાં કરીએ છીએ એમ માનવામાં ભારે ભ્રમણા અને અજ્ઞાન રહેલાં છે. તને પણ એ સૂઝતું નથી એ પણ નવાઈની વાત લાગે છે. જેનામાં ખમીર છે, તેવો જીવ તો સર્વ કોઈ મળેલી પરિસ્થિતિમાંથી ઊંચે આવવાને પ્રયત્ન કર્યા કરવાનો.

-----

**કુંભકોણમ,** **હરિઃૐ** **તા. ૨૩-૨-૫૨**

# સાધકનું સંસારમાં વર્તન

સંસારવહેવારમાં અનેક જીવો સાથે મળવાનું થયા કરવાનું. અનેક કામમાં ભેળું થવાનું બનવાનું, પરંતુ તે વેળા આપણે તો આપણા જીવનના આદર્શની ભાવનામાં જ જ્ઞાનભક્તિપૂર્વક રમ્યા કરવાનું બને એટલી જાગૃતિ સેવ્યા કરવાની છે. જે જે જેમ થયાં કરે તેમાં આપણે તે રીતે વર્તવાનું ન હોય. પણ આપણે તો જીવન વિકાસની ભાવનાથી જ

વર્તવાનું હોય. કોઈનીયે સાથે ચાલતાં સુધી અથડામણ ભૂલેચૂકે પણ ન થઈ જાય, તેટલા કાજે ઘણી ઘણી કાળજી રાખવાની હોય. સંસાર વહેવારમાં સહન કરતાં, ને તે પણ પ્રેમભક્તિથી સહન કતાં, જે જીવ શીખે છે, અને તેવા સહન કરવામાં જીવનની ભાવના પાકટ કરવાનો જેને ખ્યાલ રહે છે, તેવો જીવ સાધના કરી શકે છે. કંટાળો કે ત્રાસ, એ તો નામર્દ કે કાયરનું કામ છે.

જીવ જીવ વચ્ચે જે આકર્ષણ પ્રગટે, તે આકર્ષણ વડે કરીને જે ઊર્મિ થાય, તે ઊર્મિના બળ વડે કરીને પ્રભુની ભાવનાને એકાગ્ર કરવામાં ને કેન્દ્રિત કરવામાં જાગૃતિપૂર્વક ખંત રાખવાની હોય. જીવનને જીવ સ્વભાવનાં અનેક પ્રકારનાં આવરણોમાંથી ઊંચે લઈ જવાને માટે તે પ્રેરણાદાયક નીવડવું ઘટે.

## શાંતિ કેમ સ્થપાય

આપણે જગતવ્યવહાર અને સંસારનાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં જેવા થવું છે, જે કરવું છે, તેના તેવા વિચારવાળા થઈને કે રહીને, વારંવાર તેમાં જ મનને પરોવીને, તે તે બધું કર્યાં કરવાનું છે. સંસારવહેવારમાં મળેલા સંબંધવાળા જીવો સાથે જેમ બને તેમ ઓછામાં ઓછું સંઘર્ષણ થાય, તેવું આપણે પ્રભુકૃપાથી વર્તવાનું છે. મનને શાંતિ, પ્રસન્નતા, ધીરજ, સમતા આદિની દશામાં રાખી શકાવાને કાજે આપણે તેવી સમજણની ભૂમિકા રચવી પડશે. એટલા કાજે તે બાજુનું આપણું જીવતું જાગતું વલણ હૃદયમાં પ્રગટાવેલું હશે તો જ ફાવી શકવાનાં છીએ. સંસારમાં તો અનેક પ્રકારના પ્રસંગો ઊપજ્યા કરે. જુદા જુદા પ્રકારની પ્રકૃતિવાળા જીવો સાથે રહેવાનું હોવાથી અથડામણના પ્રસંગો પણ બને, પરંતુ તે બધા આપણી પરીક્ષા અને કસોટી કાજે છે. મનને શાંતિ, સમતા, તટસ્થતા આદિ ગુણો કેળવવા કાજેની એ કૃપાતકો છે, એવી જ્ઞાનપૂર્વકની જાગૃતિ આપણએ હૃદયમાં કેળવ્યાં કરવાની છે, એનું આપણે મનને વારંવાર ભાન કરાવતા રહેવું.

## ત્રાટક માટેના સ્થૂળસૂક્ષ્મ ઉપાય

તું આંખે શેની દવા નાખે છે તેનું નામ લખજે. રાત્રે સૂતી વખતે ગાયના દૂધનાં પેલ મૂકી શકાય. તે દૂધ ઊનું કરેલું ના હોય તેટલી સાવચેતી રાખવી. દિવસમાં ત્રણ

વાર ગરમ પાણીના મીઠાના કોગળા પણ કરવા. ધ્યાન ને ત્રાટકનો પ્રયોગ કંટાળીને મૂકી ન દેવો. ધ્યાન વખતે જે વિચારો પ્રગટે તે આપોઆપ વહી જાય, તેવી રીતે સાક્ષીભાવે રહ્યાં કરવું. તે વખતે આવતા વિચારોની સાથે આપણે પોતાની મેળે થઈને તેને લગતા બીજા વિચારોની સાંકળ ન જોડવી. એવો અભ્યાસ જારી રાખવો. આંખો ચોખ્ખા પહોળા વાસણમાં ઠંડું પાણી નાખીને તેમાં બોળવી, ને તેને તેમાં ઉઘાડવાસ કરવી.

-----

**કુંભકોણમ,** **હરિઃૐ** **તા. ૨-૫-૫૨**

# નિરાશામાં ટકે તે સાધક

તું મને નિરાશાની વાત લખે તેમાં મને વાંધો ન હોય. પરંતુ નિરાશાની વેળાએ કેટલો ને કેવી રીતે સામનો કર્યો, કેવું યુદ્ધ આપ્યાં કર્યું, પોતે કેટલાં ટટાર રહી શક્યાં, ને જીવનની ખુમારી તે વેળાએ કેટલી ને કેવી પ્રગટાવી શક્યાં, એવી બધી જીવનની હકીકત તું લખે, તો તેમાં મને ઘણો રસ પડે. મારા લખવાના મુદ્દાની હકીકત કૃપા કરીને ધ્યાનમાં રાખજે. જો જીવનમાં સાધના જ કરવી છે, તો નિરાશા તો પાર વિનાની આવવાની છે. એકએકથી પૂરી, ચઢિયાતી, ને એકએકના આકાર-પ્રકાર પણ જુદા જુદા. નિરાશા તો એવી આવવાની કે જે અત્યારથી લખવામાં સાર પણ ન હોય. શરૂ શરૂમાં જો સાધક આમ સંસારવહેવારની જે ક્ષુલ્લક હકીકતો છે, તેમાં મધમાં જેમ માખી ડૂબી જાય, તેમ જો તે ત્યાં ડૂબી જતો હોય ને તે જ્ઞાનપૂર્વક જાગૃતિ ન સેવી શકતો રહે, તો એનું આગળ થવાનું શું ? સાધક નિરાશાથી કદીક લેવાઈ, આવરાઈ, તણાઈ કે ડૂબી પણ જાય, તેની પણ ના ન હોય. પરંતુ તેવી વેળા તે કેટલી જાગૃતિ સેવી સેવી તણાતાં તણાતાં પણ કેટલો સામનો કરે છે, ને ભગવાનને અૂમ પ્રાર્થના ભાવે કેટલી અને કેવી રીતે પાડે છે, તે બધું ઘણું મહત્ત્વનું છે. સાધખ કદીક હારે, પણ હારમાંથી તો તે એકમાત્ર ઊઠવાનું જ જાણતો હોય છે. તે હારતો હોવા છતાં ઉન્નત મસ્તકે ઊભું રહેવાનું પ્રભુકૃપાથી શીખતો હોય છે. તે

માથું ભલે આપશે પણ ટેક કે નાક તો નહિ જ જવા દે. એમ તે નિરાશાથી ભલેને આવરાઈ જાય, પણ ત્યાંયે તે જીવતો તો રહ્યાં કરવાનું જ્ઞાનભાન હૃદયમાં રાખશે. તેમાં પણ તેની ઉપર તરવાને કાજે પોતાનાથી બને તેટલાં બાથોડિયાં તો માર્યા કરશે. તેવી વેળા તે કૃપામદદ કાજે શ્રીપ્રભુને આર્દ્ર ને આર્તભાવે બૂમ મારશે. એમ ને એમ સામનો કર્યા વિના તે કદી હારને સ્વીકારી તો લેશે જ નહિ. હારને તાબે તો નહિ જ થઈ જાય. પ્રત્યેક નિરાશા, હાર, કે જીવ સ્વભાવનાં વલણ, વિચાર, વૃત્તિના પ્રસંગે સાધક કેવી જાગૃતિ રાખીને હૃદયમાં વર્તે છે, તે બધું સાધનાની ભાવનાની કેળવણી અર્થે ને વૃદ્ધિ અર્થે છે એવું હૃદયમાં તેવી વેળા જ્ઞાનભાન પ્રગટવું ને પ્રગટીને તે પ્રમાણે વર્તવાનું બનવું તે ઘણું જરૂરનું છે.

## સાધકના જીવનનું સ્થૂળ મૃત્યુ

સાધક કદી માથે હાથ દઈને બેસી તો નહિ જ રહે. તે તો જેનો તેનો યોગ્ય ઉકેલ કાઢવાને મથ્યાં કરવાનો, કે જેથી કરી તેની શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા આદિનો ભંગ ન થાય. જ્યારે જ્યારે સાધકને નિરાશા, હાર, જીવ સ્વભાવને પ્રકૃતિનાં વલણોને અનેક પ્રકારના દ્વંદ્વની પકડમાં પડી જવાનું બને, ત્યારે ત્યારે હૃદયમાં વધારેમાં વધારે શાંત બનવું.દઢતાથી હૃદયમાં સ્વસ્થતાને ધારણ કરવી.

## સુનિશ્ચિય એટલે શું ? એને વળગી રહો

જીવનવિકાસ પરત્વેના સંકલ્પને દઢ કરતા જ રહેવું. જેનો નિશ્ચય દઢ અને જીવંત હોય, તેનું મન કશે આમ કે તેમ ફેંકાઈ ના શકે. નિશ્ચયી હોય કે રહે તે તો સદાય જીવતો રહી શકે. તે કદી ચળી કે ડગી પણ ન શકે. નિશ્ચય એટલે જીવનધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ આદિને તેની (ધ્યેયની) ગતિમાં એકાગ્ર, કેંદ્રિત ને ભાવમય રહ્યાં કરવાની દશા જેમાંથી પાક્યાં કરે છે તે. માટે જીવનના રચનાત્મક વલણ માટે કરેલા નિર્ણયને તો મૃત્યુ આવે છતાં વળગી જ રહેવાનું. જીવનમાં જે જીવ એવું ખમીર પ્રગટાવી શકે છે, તેનું જીવતર ધન્ય છે.

**"પ્રેમ-શૌર્ય થકી પંથે રહેજે.**
**મૃત્યુ ભલે વરે."**
એનું સદા સ્મરણ કરતી રહેજે.

## જીવનમાં શાંતિની જરૂર

જેને જીવનનો વિકાસ સાધવો છે, એવા જીવે શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, સહનશીલતા, પરમ સહિષ્ણુતા, ઉદારતા, માનસિક વિશાળતા, ધીરજ, સર્વના સદ્‌ગુણ પરખવાની કદરદાની, બીજાંની ઘણી ઘણી હૃદયની પરવા કરવાની ભાવના આદિ ગુણો કેળવી કેળવીને જીવનમાં જીવતા કરવાના રહે છે તે જાણજે. ચિત્તમાં શાંતિ, પ્રસન્નતા પ્રગટ્યા વિના કશું નવસર્જન થઈ જ ન શકે.

સર્વ કંઈ કરતાં રહીએ છતાં પોતે પોતાનામાં એકાગ્રપણે, કેન્દ્રિતપણે હૃદયની મસ્તીથી લીન રહ્યાં કરીએ, તો તેવો જીવ ધ્યેયને વરી શકે.

જીવનમાં મળતી સર્વ કંઈ પરિસ્થિતિ તો શ્રીપ્રભુની કૃપાની લીલા છે, એવા ભાવે જ્ઞાનભક્તિપૂર્વક પોતાના જ જીવનના કલ્યાણઅર્થે સ્વીકાર કરવાનો છે. કશું જ નકામું નથી.

## આપ્યાં જ કરો

શ્રીભગવાનને ચરણકમળે સકળ કંઈ પાપને પુણ્ય આપ્યાં જ કરો. એટલે જે જે વિચાર, વૃત્તિ, લાગણી, ઊર્મિ, વાસના, મહો, રાગ, કામના, આશા, ઈચ્છા, લોલુપતા આદિ જે જે ઊપજે તેમ તેમ તે તે બધું એને જ પ્રેમભક્તિભાવે સમર્પણ કરતાં રહેવું. મનને તો ખાલી ને ખાલી જ રાખ્યાં કરવાની જ્ઞાનપૂર્વકની તેવી કળા જો શીખી ગયાં, તો પછી નિર્ભય છીએ. જે જે વિચાર ઊઠે, તેમાં પોતની મેળે કરીને એને લગતા બીજા વિચારોની સાંકળ આપણે જોડતાં ન રહેવું.

# સદ્‌ગુરુનું લગાતાર સ્મરણ કરો

મનને ભાવનામાં, ભક્તિમાં પરોવી રાખવાનો અભ્યાસ કેળવ્યા કરવાનો છે. જેને ગુરુ કે જીવનવિકાસનો માર્ગ બતાવનાર મિત્ર, સખા, વડીલ કે હૃદયનું સ્વજન આપણે હૃદયમાં હૃદયથી સાચેસાચ માન્યો હોય, તો તે મન-આંખ-હૃદય આગળથી જતો રહી કેમ શકે? એટલે એને સામે ને સામે રાખી રાખીને સકળ કર્મ મનહૃદયથી શાંતિ અને પ્રસન્નતાથી, કર્મમાં દિલ પરોવીને નહિ, વળી જીવનનો જે સદ્‌ગુરુ છે તેના સ્થૂળતાપણામાંયે નહિ પણ એની ચેતનાપૂર્વકની ભાવનામાં પરોવી પરોવીને સકળ કંઈ કરતાં રહેવાનું છે. વાંકુચૂંકુ થઈ જવાતાં એની કૃપા મદદ હૃદયથી યાચ્યા જ કરવી. એને હૃદયમાંથી ખસેડવો જ નહીં. ભાવનાની ઉત્કટતા જેમ જેમ જીવતી ને વધતી જશે, તેમ તેમ ભાવનાની બાબત પ્રત્યક્ષ આકાર લેતી અનુભવી શકવાના છીએ તે જાણજે.

પૂજ્ય બા ને અને પૂજ્ય પિતાજીને પણ સપ્રેમ ઘણાં ઘણાં પ્રણામ કહેજે. ભાઈઓને પણ.

સાયલા પુસ્તકો મોકલવાનાં હોય તો મારી ના નથી પણ ત્યાંથી જવાબ આવી જવા દે. જવાબ મળશે એટલે જરૂર મોકલીશું. તારે પૈસા આપવાની જરૂર ન હોય.

------

**મદ્રાસ,** **હરિઃૐ** **તા. ૮-૩-૫૨**

પૂજ્યશ્રી નાનચંદ્રજી મહારાજનો કાગળ આજ રોજ આવ્યો છે. તેમણે પુસ્તકો મંગાવ્યા છે. તો તું ગાંધી આશ્રમે જઈને બધાં પુસ્તકો કઢાવજે. તે ટપાલ દ્વારા મોકલવાનાં હોય તો ટપાલનું ખર્ચ થાય તો ભલે થાય પણ આશ્રમમાં તે મારા ખાતે નાંખવાનું છે તે જાણજે. તારે તે ખર્ચ આપવાનું નથી. પુસ્તકો મોકલવાની વ્યવસ્થા કરજે.

(ગઝલ)

**હૃદયના ભાવમાં જ્યારે ઊગે પૂરે ઝંખના કેરું**
**અને તે ભાવનો સામે થતો સત્કાર ના નીરખું;**

હૃદયનો શું હૃદય ઝંખે ! છતાં સામેથી પાછો ના,
-મળે દિલમાંથી પ્રત્યુત્તર, હૃદય પાછું પડે છે ત્યાં.

હૃદયનો ભાવ જાણે જે, હૃદયનો ભાવ સમજે જે,
પડતાં ભાવ પાછાની પડે એનો ગતાગમ તે.

હૃદયની વેદના એનો થતી શી શી અરેરે ! હા!
કળી તે કો શકે એનો કથી કઈ રીતે બતાવું હા!

હૃદયની ભાવના કેરી રહે છે જાગૃતિ જેનો,
હૃદય તે ભાવ સત્કારી સ્મર્યા કરી ભાવનો જીવે.

હૃદયમાં જે જીવે એનો હૃદયનો આપ સમજે તે,
બિચારાં બાપડાં બીજા હૃદયનો કેમ સમજે તે !

હૃદયની ભાવના પૂરી જીવાડીનો જીવે છે જે,
હૃદયના ભાવનો મેળે જીવન વર્તાન વિષે પ્રેરે.

જીવે છે ભાવનામાં જે જીવન સર્વસ્વ જેનો તે,
જીવનનો દે ન ખંડાવા જીવન રળતાં રહે છે તે .

જીવન સૌભાગ્યનું મૂલ્ય ચૂકવવું તો પડે ભારે;
ચૂકવવામાં હૃદય જેનો ઉમળકો, યજ્ઞ સાચો તે.

હદયની મસ્તીની ઝાંખી કરવતાં રહે સ્વજનવ્હાલાં!
સ્વજન વર્તાનથી જીવવાનું અમારે તો રહ્યાં જ્યાં ત્યાં.

----

## સદ્‌ગુરુની લાજ રાખો

તને માગતાં સંકોચ થાય છે તો તેવો સંકોચ પણ તૂટવો જ જોઈશે. તેવું યજ્ઞ કર્મ પણ સહજમેળે પ્રેમભક્તિથી જ્ઞાનપૂર્વક બન્યા કરે તો જ ઉત્તમ. મફતમાં હું માનતો નથી. જેની તેની કિંમત આપવી જ પડે છે જીવનમાં કે જગતમાં કે વહેવારમાં જે તે કશું પણ એમનું એમ મળતું હોતું નથી. તારા જીવન વર્તાવ વડે કરીને અમારી આબરૂ ટકી શકવાની છે. તારા

ભાવ વડે કરીને શોભવાનું બનવાનું. હવે તો તારા પરના કાગળો પણ છપાયાં, ને જો તેવી ભાવનાના જ્ઞાન પ્રમાણેનું તારું યોગ્ય વર્તન રહી ન શકે તો તારે ને મારે મરવા જેવું થવાનું, માટે ગરીબની દયા જાણજે. મને તો જશ કે આબરૂનો ડર ક્યાંયે કશો નથી. પરંતુ તારો જશ વધે ને તારી પ્રતિષ્ઠામાં વધારો થાય એ જોવાને દિલમાં ઝંખના, ભાવના છે. તારી કીર્તિ જાય તો મન મરણ કરતાંયે વધારે સાલે. જો કે મૃત્યુ તો મને જરાકે ન સાલે. તેને તો પ્રેમથી ભેટી શકું. પરંતુ તારે લીધે મારે શરમથી નીચું જોવું ન પડે એવી ને એટલી તું જીવતી રહ્યાં કરજે, એટલી મારી તને હૃદયની પ્રાર્થના છે. મારી લાજ તો તું રાખે તો રહેવાની છે.

## સદ્ગુરુને શું આપવું ઘટે

તારે હાથે કાંતેલા સૂતરની ખાદી મને ન ગમે એ તો બની જ કેમ શકે? મારી પાસે ખાદી ઘણી છે. તેથી બે ચાદર રોજ પથારી પર પાથરવાની તારે તે ખાદીમાંથી બનાવવી. રોજ વારાફરતી ધોઈને વાપરવી. રોજ રાત્રે સૂતી વખતે બધું જ ધોયેલું પહેર્યું હોય તો ઉત્તમ, સૂતી વખતે રોજ રાતે હાથ, પગ, મોં બરાબર ધોઈને સૂઈ જવું. પાસે અગરબત્તી સળગાવી પ્રાર્થના કરીને સૂવું. સૂતાં સૂતાં નામ સ્મરણ કરતાં કરતાં ઊંઘી જવાય એટલે ઊંઘી જવું. મને આપવાની ખાદીની ચાદરોનો ચેતનાની સ્મરણભાવનામાં તું જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરી શકે તો આ જીવને ઘણું ગમશે. મારે તો ઘણું ઘણું લેવું છે. હજુ તો લેવાનું જરા તરા જ શરૂ કર્યું છે. પણ મારી તો તને પ્રાર્થના છે કે તું જે તે બધુ આપ્યા જ કરજે. જીવ સ્વભાવનું જે ત બધું જ પાપ ને પુણ્ય બધું જ-આપ્યા કરજે. જે જે વિચાર વૃત્તિ, લાગણી, ઊર્મિ, ભાવના, વિકાર, રાગ, મોહ, ક્રોધ, કામ, મદ અહંતા, ઈત્યાદિ જે જે મળે, જે જે ઊગે. ઊઠે તે તે બધું તે તે પળે, જ્ઞાનભક્તિપૂર્વક આપવાની જાગૃતિ રાખી રાખીને આપ્યા જ કરવું. એમ કરી કરી સંપૂર્ણ ખાલીને ખાલી થયાં કરવું.

## આપવાની શ્રેષ્ઠ સાધના

જ્યારે ગૂમડું થયું હોય ને પાકવા માંડે ત્યારે એને દબાવી દબાવીને બધુ પરું દાક્તર કાઢી નાંખે છે. પછી રૂઝ ન આવે ત્યાં સુધી જે કંઈ હોય, તે કરવાની વિધિ કરવી જ પડે છે. તેવી રીતે જીવનું જીવપણું જે જે બધું છે, તે તે બધું જીવે પોતે સમજી સમજીને એને પૂરે પૂરું કાઢવાને હૃદયની ઉમળકાભેર તૈયારી કરવાની રહે છે. માત્ર તૈયારી જ નહિ, પરંતુ એની પ્રત્યક્ષ વર્તનકળા એણે જીવનમાં પ્રગટાવ્યા કરવાની છે. અમારે તો એવું તારું ઘણું ઘણું

લેવાનું છે. એવી લેવાની વિધિ હોય, તે તે વેળા તે જીવપણાનું આપવાનું જ્ઞાન પ્રત્યક્ષ હૃદયમાં જો તને થતું રહે, તેવો હદયનો જ્ઞાન-ભક્તિપૂર્વકનો ભાવ તારામાં જીવતાં ઝળહળતો રહ્યાં કરે, તો તેવી આપવાની સાધના સાધી શકાય. જીવે અનેક પ્રકારનું આપવાનું હોય છે. એવું આપવાની કળા જે જીવ પ્રેમભક્તિપૂર્વક જીવનમાં ખીલવે છે એને કશું શીખવવા જવું પડતું નથી. પોતે સંપૂર્ણ ખાલી થયા કરવું છે ને તેમ થવું ઘણું જરૂરનું છે એવું જે જીવને લાગી જાય છે તે તો તેનું મહત્વ આપોઆપ સમજી શકે છે. તેમાં તું પ્રેમ ભક્તિપૂર્વક જાગૃત રહે અને તે તે બધું આપવાનું હૃદયથી કર્યાં કરે તો તે જીવન વિકાસ કાજે ઉત્તમ ગણાય. એવું એવું તું આપ્યા કરે તો તે ઘણું ખપે. માત્ર એકલી ખાદી આપ્યાથી શું વળે. ખાદીનો તો તને સૂચવ્યો છે તે ઉપયોગ તારે કરવાનો છે. આપવાનો યજ્ઞ નો મહિમાને રહસ્ય તું સમજતી થજે.

## સાબદા બનો

સંસારની નાની મોટી બધી બાબતો ને બધાં કામ આપણે કરવાનાં છે ખરાં, પણ દિલનો તાર તો આપણા અસલના કામમાં પૂરેપૂરો પરોવાયેલો રહે, તેની પૂરીપૂરી જ્ઞાન પૂર્વકની જાગૃતિ અને કાળજી રાખવાનાં છે. એવો અભ્યાસપૂરો કેળવાયા વિના આપણાથી કશું બનવાનું નથી તે નક્કી જાણજે. માટે સાબદા બનવું. જગત કે સંસારવહેવારથી કે કોઈ પ્રકારના વાતાવરણથી આપણે ત્રાસી જવાનું નથી, કંટાળી જવાનું નથી કે હેરાન થવાનું નથી. સંસારવહેવારમાં આપણે ઈચ્છીએને ધારીએ એવી જ રીતે બધાં વર્તે એમ કદી બની શકવાનું નથી. બધાં જ જુદી જુદી રીતે વર્તવાનાં. આપણા મનને અશાંત બનાવવાને જાણે જાણીજોઈને પ્રયત્ન કરતાં ન હોય, તેવું પણ આપણને લાગવાનું. થોડો ઘણો યજ્ઞ જે ચાલતો હોય, તેમાં ભંગ પડાવવાને બધાં કૂદાકૂદ કરતાં હોય તેવો પણ અનુભવ થાય. તેમ છતાં આપણે તો તે બધાં તરફ જરા સરખું પણ લક્ષ ન આપતાં, આપણે આપણા પોતાનામા જ જીવતા રહી શકીએ, તો જ ફાવી શકવાનાં છીએ તે જાણજે. માટે આપણે જે કરવું છે, જેવા થવું છે, તેનું આપણને પળેપળનું જ્ઞાનપૂર્વકનું સચિંત ભાન રહેવું જોઈશે. એવું ભાન રહેવાનો જો હૃદયપૂર્વકનો જીવતો જાગતો પ્રયત્ન શ્રીપ્રભુકૃપાથી થઈ શક્યો, તો બીજું બધું પણ થઈ શકવાનું છે એ નિશ્ચિત હકીકત છે. એવું જાગ્રત ભાન રહેવું એ પણ અઘરી હકીકત નથી, - જો ધ્યેય પરત્વેની પ્રેમભક્તિ હૃદયમાં પ્રગટેલીહોય તો.

# પ્રેમીને અમોઘ શક્તિ

હૃદયનો જે ઉચ્ચ કક્ષાનો પ્રેમભાવ છે, તે તો અભેદ પ્રગટાવે છે. પોતે જેવો હોય તેવો તેને બનાવે છે, આપ સમાન કરી દે છે. એટલે એવો હૃદયનો પ્રેમભાવ જો પ્રગટી શકે, તો તો તેમાં ને તેમાં આપણને તે રખાવે. એમ આપણે બધી રીતે સમજી સમજીને કેળવાતાં રહેવાનું છે. આ બધું હોવા છતાં મારી તને વિનંતી ને પ્રાર્થના પણ છે કે આપણે આપણા પોતાના પૂરેપૂરા પરીક્ષક બની જવું. આપણા જીવનવિકાસનું જ્ઞાનપૂર્વકનું માપદર્શક યંત્ર પણ આપણે બનવાનું છે. આપણને જે જે વિચારો, વૃત્તિઓ, વલણ વગેરે ઊઠ્યાં કરે તે તે ઉપરથી આપણને આપણી કક્ષાની સમજણ પડી જવી જોઈએ. કોઈ સંબંધ ચેતનના પ્રગટાવવા અર્થે ભલે અચાનક શ્રી પ્રભુકૃપાથી મળી ગયો હોય, પણ તેવા સંબંધ વડે કરીને જો આપણને ઊંચાં આવતાં આપણે ન અનુભવી શકતાં હોઈએ, તો આપણે લાખવાર વિચાર કરવો. ઊંચે આવી શકાવા કાજે તો હૃદય હૃદયનો સંબંધ છે.

# અજ્ઞાન કેમ હઠે

પોતાના મૂળ સ્વરૂપને ન ઓળખવું ને એને ઓળખ્યા કે અનુભવ્યા વિના વ્યવહારવર્તન કર્યા કરવું, એનું નામ અજ્ઞાન. તોહવે આ અજ્ઞાન હઠે કેવી રીતે ? એવો સવાલ સ્વાભાવિક રીતે ઊઠે. પહેલાં તો આપણે અજ્ઞાનમાં સબડ્યાને રવડ્યા કરીએ છીએ, એનું પૂરેપૂરું ડંખતું જ્ઞાનભાન જો હૃદયમાં હૃદયથી જાગી જાય, તો જીવને એમાંથી ઊઠવા ને જાગી જવા પૂરેપૂરો સંભવ રહે. અજ્ઞાનનો ડંખ હજી આપણને પૂરો ને ખરેખરો હૃદયમાં હૃદયથી લાગેલો નથી. તે જ મોટામાં મોટી ખાટલે ખોડ છે. તો શું એમનું એમ ખાલી ખાલી પડી જ રહેવું ?

# ગળિયા બળદ ન થશો

ગળિયો બળ થઈને પડ્યો રહે તેનું શું થાય ? ખેડૂતને ખોટીપો થતો હોય, જલદી જવું પણ હોયને ધૂંસરી જોડેલો બળદ ગળિયો થઈને બેસી જાય, તો એ એનું પૂછડું આમળે ને પૂંછડું ખેંચીને એને ઊભો કરાવવા મથે; પૂંછડું એવું જોરથી તાણે કે ન પૂછો વાત. તેટલાથી ન પતે તો પછી એના પર, એના બરડા પર, પરોણા પર

પરોણા પડ્યા જ કરે, આખરે કેટલો બધો બેસુમાર માર ખાઈને એને બિચારાને ચાલવું તો પડે છે. એમ આપણને પણ ગળિયા બળદ જેવાં થઈને, સંસારના કાદવમાં પડ્યાં પડ્યાં રગદોળાયલાં કેવાં પડ્યાં રહીએ છીએ ! એવી આપણી દશા છે છતાં એનું શૂળ-દર્દ આપણને સાલતું પણ નથી ને ? પૂંછડું તાણીને મરડે તે પણ સહેવાય એવી દશા - એવી પ્રેમભક્તિપૂર્વકની તૈયારીવાળી જ્ઞાનયુક્ત દશા - આપણી નથી. પરોણા પર પરોણા સખત બરડા પર પડે તો તો કોણ જાણે શું નું શુયે થઈ જાય ! પ્રભુકૃપાથી મારું ચાલે તો તેમ પણ કરું. પણ તેમ કરી કેવી રીતે શકું ?

## ખુલ્લાં રહીને પાર્થના કરો

સમજીને જે જીવ જાગતો રહે ને સંસારવહેવારમાં - સંબંધવર્તનમાં તે મુજબ પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વક અમલ કરતો રહે, તે તો જરૂર સાબદો રહી શકે. જો આપણે જીવનના સાધક પ્રભુકૃપાથી થવું હોય કે રહેવું હોય તો આપણે મનહૃદય આદિમાં ને આદિથી પૂરેપૂરાં ખુલ્લેખુલ્લાં સરળ સહજપણે રહેવું પડશે. હજી તો કંઈ કંઈ પડો વણઊકલ્યાં પડી રહેલાં છે. જે જે થઈ રહેલું છે તે બધું ખૂણેખૂણામાં ભરાયે જાય છે. એટલે સાધકના સાધનાજીવનની પ્રથમની શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે ને સર્વ ભાવે સંપૂર્ણભાવે ખુલ્લા થવામાં રહેલી છે. તે પોતાનું જે તે બધું જ એને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરે. જીવનવિકાસને યોગ્ય જ્યાં જ્યાં જે જે પળે વર્તી શકાતું ન હોય, ત્યાં ત્યાં તે જાગી જાગીને તેમાં રચનાત્મક કૃપામદદ મળી શકે, તે કાજે લળી લળીને ગદ્‌ગદ કંઠે હૃદયમાં હૃદયથી શ્રીપ્રભુની પ્રાર્થના કર્યા કરે. પ્રાર્થનાનું મહત્ત્વ જે ખરેખરો સાચો સાધક બન્યો હોય છે, તેને આપમેળે હૃદયમાં સમજાઈ જતું હોય છે. પ્રાર્થના તો તેને મન જેમ બાળક માથી જીવન મેળવે છે તેના જેવી છે. કંઈ પણ થતાં તે પ્રાર્થનાના ભાવમાં પરોવાઈ જાય છે. સાધકના જીવન વિકાસ કાજે આ વિના કોઈ બીજો સરળ માર્ગ નથી. સાધક જો હમેશાં હૃદયમાં હૃદયથી સંપૂર્ણ, સર્વ રીતે ને સર્વ ભાવથી ખુલ્લો ને સરળ રહ્યાં કરતો હશે, શ્રીભગવાનના ભાવને ઝીલતો રહેવાને કાજે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક અભિમુખ અંતર્મુખતાવાળો બનેલો હશે, તો એવા સાધકને જીવનમાં જ્યાં જ્યાં અટવાઈ પડતાં કે ગૂંચમાં પડી જતાં કે ઉપાધિમાં કે અશાંતિમાં કે મુશ્કેલીમાં આદિ એવાં કારણોમાં પણ પ્રત્યક્ષ મદદ મળી રહેતી તે અનુભવી શકવાનો છે.

# મનની શાંતિની અનિવાર્યતા

આપણે મનને સંપૂર્ણ ખાલીને ખાલી જ કર્યાં કરવાનું છે. ત્યાં કશું જ ભરાવા દેવાનું નથી. મન સંપૂર્ણ નીરવતામાં પ્રગટ્યા વિના, સંસારવહેવાર, સંબંધો, સંપર્કોને વર્તનમાં મનને આઘાત-પ્રત્યાઘાત થયા જ કરતા હોય છે. તેથી એને અને જીવને થાક પણ લાગે છે. મન તંગ બને છે ને એ ખેંચ અનુભવે છે. જેનું મન સાવ શાંત રહે છે એને એવી ખેંચ જન્મતી જ નથી. મનને પણ આરામની જરૂર રહ્યાં કરે છે. વળી દિવસના વ્યવહારવર્તનમાં તો મન પર કંઈક અંકુશ જીવનો રહે, પણ રાતે તો તે સાવ બેલગામ બની જાય છે; ને એ કંઈ કંઈ તે વેળા ભોગવ્યાં કરે છે. એવા ભોગવવાપણાની અસર આપણા જ્ઞાનતંતુઓ પર અપાર રહ્યાં કરે છે. આથી સવારે ઊઠીએ છીએ, ત્યારે જાણે સાવ નમાલાં ને સ્ફૂર્તિ વિનાનાં હોઈએ એમ લાગ્યાં કરે છે. એવું રાતે ઊંઘમાં જે જે મનથી ભોગવવાપણું બને છે, તેથી મનને ઘણો જ થાક લાગે છે તથા દિવસના મનના વ્યવહારથી તે મટી શકતો પણ નથી. એને આરામ આપવાનું જો કરવું હોય, તો મનને સંપૂર્ણ શાંતિવાળું બનાવવાનું રહે છે, તો જ તે તેવો આરામ મેળવી શકે. એટલે આપણે પહેલાં તો તે પૂરેપૂરું શાંત બની શકે તેવું કરવાનું છે. તે સાથે સાથે તે ખુલ્લું રહ્યાં કરે, મનમાં શાંતિનું સામ્રાજ્ય જામે, તેમાં તે એકાગ્ર ને કેન્દ્રિત બને, ત્યારે તે દશામાંથી હૃદયના ભાવને ઝીલી શકવાની તાકાત આપણામાં જન્મતી હોય છે.

# નિશ્ચયપૂર્વક મન પર કાબૂ જમાવો

સાધક જો મન ઉપર કાબૂ મેળવવાનું જ્ઞાનભાન નહિ રાખતો થાય, અથવા એવી કળા શીખવાની જો તે દરકાર કે પરવા નહિ રાખે, તેવી બાબતમાં જો તેનો જીવતો જાગતો અભ્યાસ નહિ રહ્યા કરતો હોય, તો આપણાથી કશું પણ બની શકવાનું નથી. નિશ્ચય પર આવી જવું જ પડશે. જગતમાં સંસારવહેવારમાં આપણા નક્કર વર્તનથી જે તે બધું તોલાતું હોય છે. આપણા જીવનની શોભા પણ વર્તનમાં રહેલી છે. વર્તનથી નિશ્ચય પાકો થતો જાય છે. જેમ જેમ વર્તનમાં નિશ્ચયની મક્કમતા પ્રગટતી જાય છે, તેમ તેમ જીવનમાં તેજસ્વિતા ને પ્રાણ પ્રગટતાં રહે છે.

# કસોટી વેળા પ્રાર્થના કરો

નિશ્ચયને અમલમાં મૂકવાનું કરવા જતાં ઘણી ઘણી મુશ્કેલીઓ તો આવવાની જ, ને તે બધું એવું એવું તો ઊભું થવાનું કે જાણે હંમેશને માટેનું હોય ને જાણે જવાનું જ નથી એમ સાધકને લાગ્યા પણ કરવાનું. પણ જો સાધક હૃદયમાં હૃદયથી તેવી તેવી વેળા પ્રેમ ભક્તિજ્ઞાન પૂર્વક પોતાના પ્રભુને આર્દ્ર ને આર્ત નાદે પ્રાર્થનાભાવે પોકાર પાડ્યા જ કરશે, તો એને મદદ કરવાની છે ને તે ઊઠી પણ શકવાનો છે. પણ આપણને તે તે પળે તેવો પોકાર પાડવાનું પણ ક્યાં સૂઝે છે ? માટે કૃપા કરીને જાગતાં રહો, તો તો સારું. વધારે તો શું લખું ? આપણે જીવવું છે, તે જીવનવિકાસ સાધવાને કાજે. માટે ખંતીલાં, ઉત્સાહી કાળજીવાળાને મનથી સતત જાગ્રત રહેવાનું કર્યાં કરીશું, તો બધું સલામત રહી શકવાનું છે, બાકી તો પૂરમાં ક્યાંયે તણાઈ જઈશું કે જેની આપણને કશી ગતાગમ પણ પડી શકવાની નથી.

# સદ્‌ગુરુની ઝંખના

હમણાંની તું કેમ પ્રસન્ન રહેતી નથી ? તારા કાગળમાં પણ જાણે પ્રાણ કશા હોતા નથી; કે પછી મને એવું લાગે છે ? મારી ભૂલ હોવાનો સંભવ છે. ગમે તેમ હો. તને વધુ ને વધુ પ્રસન્નચિત્ત જોવાને હું ઝંખી રહ્યો છું. જીવન તો આનંદને કાજે છે. શોક, દિલગીરી, અશાન્તિ અથડામણ, અકળામણ, ગૂંચવાડો આદિ થાય, તે વેળા પ્રભુસ્મરણ ખૂબ પ્રેમભાવથી કર્યાં કરવું. હૃદયમાં હૃદયથી ગુરુની મદદ માગ્યાં કરવી.

આજે સવારે જ તને એક કાગળ લખીને બીડી દીધો. અહીં ટપાલ મને અગિયાર પછી મળે. એટલે અત્યારે આરામ લઈને તને કાગળ લખી રહ્યો છું. મોટી બાદશાહી ખાટ કે પાટ ઉપર બાદશાહી ગાદી ને તેવા મોટા ગોળ લાંબે તકિયે બેસી લખી રહ્યો છું. 'હરિઃ ૐ' આમ તેમ ફરે છે ને મને લખવા દેતો નથી. કહે છે : ''કોને કાગળ લખો છો ?' મને તમે કાગળ કેમ લખતા નથી? મેં કહું કે "...ને કાગળ લખું છું" તો તે પૂછે છે કે : ''તે કોણ છે ?''

મેં કહ્યું ''તે તો અમદાવાદમાં છે. તું તેને ઓળખે છે કે નહિ ?'' બાળક છે, ભૂલી જાય. કદાચ જુએ તો ઓળખી કાઢે પણ ખરો. આજે તો લખવાનું હતું તે લખાઈ ચૂક્યું છે.

શ્રદ્ધા પણ પાકટ થવાવાને કસોટી માંગી લેતી હોય છે.

**'કદી માગું તોયે, વગર અધિકારે નહિ મળે.'**

એ કાવ્યલીટી કોની લખેલી છે ? મને તે કાવ્ય ઘણું ગમ્યું. તને કાવ્ય નથી ગમતાં તો હવે ગમે તેવું ગાંડું ઘેલું કવિતામાં લખું તો ?

## કામમાંથી ચેતના પ્રગટે

આપણે સકળ કર્મ કરતાં કરતાં સાધના કરવાની છે. પ્રભુનું સ્મરણ જો સતત પ્રેમભક્તિભર્યું એકધારું લીધાં કરીએ, તો પછી બીજું કશું કરવા પણું ન રહે. પણ તેમ ન થઈ શકે તે જીવથી કશું થઈ શકતું નથી. તેથી નિરાંત મળે ત્યારે ધ્યાનાદિ કરવાનું હોય. સંસાર વહેવારમાં તો કામ કરી કરીને દીપીએ. જેણે કામ કરતાં શરીર સામું જોયું નથી, કામ કરતાં જે જીવ પ્રભુને પોકારે છે, સ્મરણ કરે છે, પ્રાર્થના કરે છે, તેને જે તે કામમાં, ગૂંચમાં પ્રભુ એનો ઉકેલ બતાવી દે છે. ત્યાં બધાંને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

**કુંભકોણમ,** હરિઃૐ તા. ૨૦-૩-૫૨

## અનુષ્ટુપ

**હૈયાનો ભાવ જે પૂરો જાગેલો હોય જો ખરો,**
**કર્મમાં ઊતર્યા વિના ના રહે, પ્રેમથી ભર્યો.**

**ભાવ તો ભાવનું કામ આપમેળે કર્યાં કરે,**
**મુગ્ધતા, સ્નિગ્ધતા પ્રેરી માર્દવપણું પ્રેરશે.**

**જાગતાં ભાવ, જે સાથે સાંધે તાદાત્મ્યભાવ તે**
**એકાગ્ર, દિલ કેન્દ્રિત તે સાથે તો કર્યાં કરે.**

**સ્થળ ને કાળની જે હો મર્યાદા તે ઉલ્લંઘશે;**
**બન્નો હૈયાં કરી ભેળાં બોથી એક કરાવશે.**

ભાવની છે કળા એવી શક્તિ, પ્રાણ સ્ફુરાવીને,
વિરુદ્ધ ભાવથી જે હો તેને દૂર કરાવશે.

ભાવનું પૂર તો જેમ નદીમાં પૂર આવતાં,
સ્વચ્છ શુધ્ધ કરી દે તે નદીના પટને તદા.

તેથી કરીને હું પ્રાર્થું છું પ્રભુને ચરણે સદા,
ભાવ જગાડતાં રહેજો જે તે કંઈ સત્‌કર્મમાં.

ભાવવિહોણું જે કર્મ, કર્મ તે કર્મબંધન,
ભાવયુક્ત થતાં કર્મ, કર્મ તે મુક્તિપ્રેરક.

ભાવથી ભાવ જાગે છે ભાવથી ભાવ તો વધે;
જાગતા ભાવ તો દૃષ્ટિ સમુળી પલટાય છે.

જેવી કક્ષા તણો ભાવ જાગેલો હો હદે વિષે,
તે કક્ષા માંહી પ્રેરાવ્યા કરે જીવનન ખરે.

મુશ્કેલી, ગૂંચ, આદિ જે તે સમે પથ ઉદ્‌ભવે,
ભાવ ત્યાં હામ પ્રેરીને ઓળંગાવે રૂડી રીતે.

બેસી રહેવું ન જાણે છે ભાવ તો પળ એક આ,
પરોવાયેલ જો હોયે છૂટો, તેથી ન થાય ત્યાં.

ભાવ તો ભાવ જન્માવી, પ્રેરાવે એકતાનતા,
લાગે ભર્યું ભર્યું હૈયા જેમાં તેમાં બધે તદા.

સુમેળ ભાવ સૌ સાથે મેળે રહ્યાં કરે તદા,
ખંડિત થાય ના કેમ ભાવ કેરો પ્રવાહ ત્યાં,.

અવો ભાવ થવાકાજે આપણા કરણો તણું,
પૂરેપૂરું જ માંગી લે આપ મેળે સમર્પવું.

નિશ્ચયાત્મક બુધ્ધિ જ તેમાં સાત્વિકતા નરી,
જાગેલી જો હોય તો ભાવ જન્મતો આપમેળેથી,

આપથી આપ જન્મે છે આપશું આપથી જીવે,
આપનું વિશ્વ છે આપ તેમ છે ભાવનું ખરે

પૂરેપૂરો થતાં ભાવ ભાવાતીત થવાપણું
જાગતું જીવને મેળે ના એને એને ત્યાં થવા પણું.

## સાધના પહેલાં તો બહારથી ચલાવો

કંઈપણ કશું થાય કરીએ કે બને તેની અસર અંદર બહાર બધે થયાં કરતી હોય છે. કશું જ અસંબધ્ધ નથી. જે તે બધું પરસ્પર સંકળાયેલું છે. તેથી સાધના પણ અંતર, બહાર એમ બંને રીતે થઈ જવી ઘટે. અંતરમાં એવી સાધના થતી રહેતાં તો વાર લાગવાની. તે થતાં સુધી કંઈ થોડું જ બેસી રહેવાય છે? તેથી અંતરમાં અસર પડ્યાં કરે તે કાજે બહારથી પણ સાધના ચલાવ્યા કરવાની રહે છે. ખાસ કરીને તો મનમાં મનથી જાગૃતિ સેવી સેવીને પ્રત્યેક વિચાર, વૃત્તિ, ઉર્મિ, લાગણી જે જીવનધ્યેયના કેન્દ્રસ્થપણાથી જુદી પડ્યા કરતી હોય, તેને જ્ઞાનપૂર્વક સાથ ન આપીને તેમને તેમને નિંદતા રહેવાનું છે. એવું નિંદામણ પણ ઘણું જરૂર નું છે.

## ક્યારે ‘‘ગુરુ બધુ કરી દે’’

કેટલાંક મૂર્ખ લોક ‘‘બધુ ગુરુ કરી દેશે’’ એવી ભ્રામક ભ્રમણા ને કલ્પનામાં પડ્યા રહે છે. ગુરુના કહ્યાં પ્રમાણે વર્તન કરવાની તો હજી પૂરેપૂરી ગતાગમ કે સૂઝ ઊગતી નથી અને તે પ્રમાણે કરવાની હોંશ કે ઉત્કટતા નથી, ગુરુ માટેનો હૈયાનો નિર્મળ પ્રેમભક્તિયુક્ત ભાવ પ્રગટેલ નથી, જીવન વિકાસ કાજે સદગુરુનો ઉપયોગ કરી લેવાની જ્ઞાનભક્તિમય દૃષ્ટિ આપણને સાંપડી નથી; એમ છતાં ખાલી ખાલી પડી રહીને ‘બધુ ગુરુ કરી દેશે’ તે તો વાંઝણી ઈચ્છા છે તે નક્કી જાણવું.

-----

હરિ : ૐ

## વસંતપંચમી
## તા. ૦૫-૦૨-૨૦૧૭ ને રવિવાર

# કાર્યક્રમ સૂચિ

| | |
|---|---|
| સવારે ૭.૩૦ થી ૮.૦૦ | ચા-નાસ્તો |
| સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ | નામસ્મરણ, પ્રાર્થના, ભજન, આરતી |
| સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ | ગુરુવંદના અર્પણવિધિ |
| સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ | મહાપ્રસાદ |

---

## સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય

સંસ્થાને અપાતી આર્થિક સહાય FCRA Act 2010 અને ૮૦-જી હેઠળ કરમુકત છે, સંસ્થા FCRA Section 11 (1) & (2) અન્વયે પરદેશનું ફંડ સ્વીકારી શકે છે. હરિ : ૐ આશ્રમ, નડિયાદનો દેનાબેંક, નડિયાદ શાખાનો બેંક એકાઉન્ટ નંબર : ૧૦૦૮૧૦૦૦૪૫૯૮ છે. જેમાં દાતાશ્રી કોરબેંકીગ દ્વારા ખાતામાં અનુદાનની રકમ જમા કરાવી શકશે. (દાતાશ્રીઓને અનુદાન સાથે પૂરું નામ, પૂરુ સરનામું, ફોન નંબર, દાનનો હેતું લખીને ચેક હરિ : ૐ આશ્રમ, નડિયાદના નામે ટપાલ/કુરીયરથી મોકલવા વિનંતી છે.)

વર્ષ ૨૦૧૫-૧૬માં સંસ્થાની નિષ્કામ જનસેવાની પ્રવૃત્તિઓમાં ઉદારદિલથી જે દાતાઓએ સ્વૈચ્છિક સહાય આપી તે દાતાઓને અભિનંદન. સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે.

હરિ : ૐ આશ્રમ
પો.બો.નં. ૭૪
મુ. નડિયાદ જિ. ખેડા પીન નં. ૩૮૭ ૦૦૧
ફોન નં. ૭૮૭૮૦૪૬૨૮૮, ૦૨૬૮-૩૨૪૬૨૮૮

હરિ : ૐ આશ્રમ, નડિયાદ કાર્યાલયનો ટેલિફોન નવો નંબર ૭૮૭૮૦૪૬૨૮૮ છે. મૌનાર્થી-સ્વજનોએ નોંધ લેવા વિનંતી.





પી.આર.એલ. અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરતા હરિઃૐ આશ્રમ નડિયાદના ટ્રસ્ટીશ્રી, સનતકુમાર પટેલ તથા જીતેન્દ્રકુમાર અમીન

**પ્રિન્ટેડ મેટર**


હરિઃૐ આશ્રમ,
પી.ઓ. બોક્ષ નંબર-૭૪
નડિયાદ-૩૮૭૦૦૧


મુદ્રક : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૫૬